# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 8 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## નયનરમ્ય રંગોળીના કલાકાર શ્રીમતી પ્રીતિ યશવંત છેડા - ભાટાપારા

### શ્રીમતી જ્યોતી રાયચંદ છેડા નલિયાના પુત્રી - શ્રીમતી કલ્પના મહેન્દ્ર છેડા વરાડીયાના પુત્રવધુ




















શ્રીમતી પ્રીતિબેન છેડા, ભાટાપારા - રાયપુર (છત્તીસગઢ)માં શાસકીય વિદ્યાલયમાં એકાઉન્ટ્સ લેક્ચરર છે. તે ઉપરાંત રંગોળી, ગરબા, નૃત્ય, સમાજ સેવા તેમજ અન્ય પ્રવૃત્તિમાં યોગદાન આપતા રહે છે.

## શ્રીમતી પ્રીતિબેન છેડાએ રચેલી રંગોળીઓની અવનવી રંગછટાઓ









"PEOPLE WHO ACHIEVE THEIR GOALS DO SO WITH PASSION, PLANNING, PERSISTENCE AND PURPOSE."

**YOU HAVE DONE OUR GNATI AND ALL OF US PROUD BY YOUR STUPENDOUS ACHIEVEMENT.**



## DR. HIRACHANDBHAI DAMJI DAND

(Manjal Reldiya - Andheri)

The members of KDO Classic Society and KDO Classic Foundation are truly delighted and feel proud on the conferment of Doctorate Degree by the Commonwealth University U.K. on our versatile member and Past President Dr. HIRACHANDBHAI DAND.

Besides, our cups of joy continue to overflow on the election of Dr. Hirachandbhai Dand on the prestigious "Central Governing Council of Service Export Promotion Council [SPEC]".

Members of KDO Classic Society and Trustees of KDO Classic Foundation convey their heartiest congratulations and best of wishes to Dr. Hirachandbhai Dand & wish him all success and glory in his future endeavors.

*"What you get by achieving your goals is not as important as what you become achieving your goals".*

KUTCH DISTRICT
મુંજી માતૃભૂમિ કે નમન
KDO CLASSIC

**KDO CLASSIC SOCIETY**

**KDO CLASSIC FOUNDATION**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૮**
**Date : 20-11-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


## તંત્રી સ્થાનેથી

*શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનની ચુંટણીની પ્રક્રિયા ગતિશીલ બની ગઈ છે. મુંબઈ મહાજનના એક ભુતપૂર્વ પ્રમુખ તથા તેમની ટીમ બને સંસ્થાઓની ચુંટણીમાં ભાગ લેવા ઉત્સાહિત છે. તે ઉપરાંત મસ્જિદબંદર, ભાંડુપ, ડોંબિવલીમાંથી પણ ઘણી વ્યક્તિઓ ચુંટણી લડવા ઉત્સુક છે અને તેઓ તેમની ટીમ-ગ્રુપ બનાવવા ઈચ્છે છે. અનેક યુવાનો પણ ચુંટણીમાં ઉભા રહેવા ઈચ્છુક છે એ જ્ઞાતિ માટે સારી નિશાની ગણી શકાય. હાલાર વિસ્તારના ૫/૬ જ્ઞાતિજનો શ્રી અનંતનાથજી ટ્રસ્ટ માટે તથા ૧૫/૧૭ આગેવાનો મહાજન માટે ઉમેદવારી નોંધાવે એવી માહિતી સુત્રો દ્વારા જાણવા મળી છે. તેવી જ રીતે હાલના ટ્રસ્ટ બોર્ડના તથા મહાજનના ઘણા સભ્યો પણ ચુંટણી લડવા ઈચ્છુક છે.*

*પ્રકાશ સમીક્ષા દ્વારા ટ્રસ્ટ પાસેથી ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ લઈ જનારા જ્ઞાતિજનોની યાદી માંગવામાં આવી પરંતુ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા ચુંટણી કમિશનર્સનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું. નામોની માહિતી ન આપવા પાછળનું કારણ મારી સમજમાં આવતું નથી.*

*ભાંડૂપથી શ્રી મનોજ દામજી લોડાયા (બાંઢીયા), શ્રી ગિરીશ શિવજી લોડાયા (સાંયરા) મસ્જિદબંદરથી શ્રી કેતન દામજી મોમાયા (વરાડીયા) તથા શ્રી અનીલ દિનેશ મૈશેરી (નલિયા)એ પોતાના ઉમેદવારીપત્ર બને સંસ્થાઓની ચુંટણી માટે ભર્યા છે. મુંબઈ મહાજનની ચુંટણી માટે ભાંડુપના હિતેશ મુલજી મૈશેરી (કોઠારા), પરેશ નારાણજી ગોસર (બાયઠ), વિપુલ કાંતિલાલ લોડાયા (સાંધવ), રહેશ જયંતિલાલ લોડાયા (મોટી ખાવડી), પંકજ મણીલાલ પોલડીયા (ડુમરા), અભય પદમશી ખોના (સાંધવ), વિપુલ મણીલાલ પોલડીયા (ડુમરા)એ ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારોની પુરી નામાવલી ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તા. ૨૨-૧૧-૨૦૧૯ના પ્રાપ્ત થશે.*

*હું શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ઉમેદવારોને આ સ્થળેથી વિનંતી કરું છું કે તેઓ સંસ્થાના હિસાબ કિતાબ તથા બંધારણનો અભ્યાસ જરૂર કરે તથા જ્ઞાતિજનો સાથે મોકળાશ તથા પારદર્શિતાથી સંવાદ સાધે. ચુંટાયેલા ઉમેદવારો જ્ઞાતિના વિશ્વસ્ત છે નહિં કે માલિક, એટલે જ્ઞાતિજનો સાથે પારદર્શક અભિગમ અપનાવી જ્ઞાતિજનોને જરૂરી લાગે તે માહિતી અવશ્ય આપે. જ્ઞાતિની મિલકતોના માલિકો ટ્રસ્ટીઓ નથી પરંતુ સમગ્ર જ્ઞાતિજનો છે. ટ્રસ્ટીઓ જ્ઞાતિજનો દ્વારા ચુંટાયેલા માત્ર વહિવટકર્તાઓ જ છે. બન્ને સંસ્થાના દરેક ઉમેદવારોએ જ્ઞાતિજનોને પોતાના વિચારો, આયોજનો તથા ક્ષમતાઓ વિશે પુરી માહિતી આપી આ જવાબદારીઓ કઈ રીતે અદા કરશો એ પણ જણાવવું જરૂરી છે.*

*પ્રકાશ સમીક્ષા ઉમેદવારોની માહિતી પમી ડિસેમ્બરના અંકમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરશે.*

*અંતમાં હું આ સ્થળેથી સર્વે મતદારોને વિનંતી કરીશ કે અવશ્ય મતદાન કરી યોગ્ય - સક્ષમ ઉમેદવારને ચુંટે. જ્ઞાતિના બહોળાં હિતમાં મતદાન કરવા તા. ૨૨-૧૨-૨૦૧૯ને ધ્યાનમાં રાખવા વિનંતી.*

**- *હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ

**મહેશભાઈ જવેરચંદ લોડાયા** - વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**
**શશીકાંત કુલિનકાંત લોડાયા** - કોચીન
મો. **93874 41909 / 88938 41909**
**હેમાંગ શાહ** - મુલુંડ, મો.: **09920646846**
**ગુલાબચંદ હિરજી છેડા** - જશાપર-સૂરત
મો.: **099985 56567**
**કિશોર કાનજી ધુલ્લા** - વડોદરા
મો.: **080001 27252**
**રાયચંદભાઈ મોમાયા** - કલીકટ
મો.: **079076 06932**
**શાહ પ્રબોધ હીરાચંદ મુનવર** - ભુજ - કોઠારા
મો.: **99251 69876** ફોન : **(02832) 223411**

### માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક :**
હીરાચંદ દંડ - **7738508150,**
ઉદયન શાહ - **8779647886,**
ઈમેલ : **kdoprakash@gmail.com**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**




પ્રતિ,
શ્રી માનનિય શ્રી ચિમનભાઇ મેઘજી મોતા,
(મુખ્ય ચુંટણી અધિકારી)
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન,
મુંબઇ

માનનીય સાહેબ, જય જિનેન્દ્ર... જય જય શ્રી અનંતનાથ

પ્રથમ આપશ્રીની કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા વર્તમાન ચુંટણી અધિકારી તરીકે નિમણુંક થઇ તે બદલ અભિનંદન.

ઉપરોક્ત ચુંટણીનું જાહેરનામું/જાહેરાત તા. ૦૫-૧૦-૨૦૧૯ના પ્રકાશ સમીક્ષાના અંક દ્વારા કરવામાં આવ્યું. લોકશાહીનો એક વણલખ્યો નિયમ છે કે ચુંટણીની જાહેરાત બાદ સામાન્ય/વ્યવહારિક કામકાજ સિવાય અન્ય કોઇ કાર્ય/નવા પ્રોજેક્ટ અથવા વધુ પડતા ફંડની લેવડ-દેવડ તે સંસ્થાઓ કરી શકે નહિં, એવું અમારૂં માનવું છે.

તા. ૦૫-૧૧-૨૦૧૯ (જાહેરાતના એક મહિના બાદ)ના પ્રકાશ સમીક્ષાના અંક દ્વારા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૧૧-૨૦૧૯ના બોલાવવામાં આવેલ છે. જ્યાં તા. ૩૦-૦૯-૨૦૧૯ના શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા ઐરોલી સ્થિત વિવાહ હૉલ સંકુલ માટે રૂા. ૫.૫ કરોડ જેવી માતબર રકમની મંજૂરીની કાર્યસૂચી છે. (તે બાબતની આપશ્રીને જાણ હશે.)

આપશ્રીને ઉપરોક્ત બાબત વિનંતી કરવામાં આવે છે કે ચુંટણીના જાહેરનામા બાદ હવે કાર્ય બંધારણીય છે ? અથવા લોકશાહી સાથે બંધ બેસતું છે ? કે નહિં ?

વર્તમાન કમિટીને સાડાચાર વર્ષો પછી છેલ્લે આ કાર્ય કરવાની તેમને (અધિકારીઓને)શી જરૂર પડી ?

આપશ્રી સુજ્ઞ છો. ભૂતકાળમાં મુંબઇ મહાજનશ્રીનું પ્રમુખપદ શોભાવી ચૂક્યા છો. મુંબઇ મહાજનશ્રી-અનંતનાથજી ટ્રસ્ટની ગરિમાને ક્યાંય પણ લાંછન ન લાગે તેવી વિચારધારા અધિકારીઓની હોવી જોઇએ એવું અમારૂં માનવું છે.

આપશ્રી ઉપરોક્ત બાબતમાં આપનો વિચાર, આપનો જવાબ અથવા આપશ્રી દ્વારા રૂલીંગ/નિર્ણય જણાવશોજી.

આપશ્રીની અને લોકશાહી-હિતચિંતક જ્ઞાતિજનોની ફરજ છે કે વર્ષોની પ્રણાલીકાનો ભંગ ન થાય, બંધારણીય ફરજોનું પાલન થાય અને જ્ઞાતિમાં મૈત્રીભાવ બની રહે એવી આશા.

આપશ્રી પણ તા. ૨૦-૧૧-૨૦૧૯ની સામાન્ય સભામાં હાજર રહેશો એવી વિનંતી. આપના અતિવ્યસ્ત કાર્યસૂચીમાંથી સમય ફાળવવા વિનંતી.

**– નરેન્દ્ર શામજી દંડ**, મુલુંડ, મો. 9004391413

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

### શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઇ મહાજન ચુંટણીના ઉમેદવારો જોગ....

ડિસેમ્બર મહિનામાં આયોજીત શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઇ મહાજન ચુંટણીમાં ઉમેદવારી નોંધાવનારા સર્વે ઉમેદવારોને પોતાના ફોટોગ્રાફ - નામ - ગામ - સરનામું - મોબાઇલ નંબર તથા બાયોડેટા પ્રકાશ સમીક્ષાને ઇ-મેલ, કુરીઅર અથવા રૂબરૂ મોકલી આપવા વિનંતી છે જેથી ચુંટણી માટે જ્ઞાતિજનોમાં જાગૃતી લાવવા તથા ઉમેદવારો વિશે જ્ઞાતિજનોને માહિતી આપવા પ્રકાશ સમીક્ષામાં વિનામૂલ્યે પ્રકાશિત કરી શકાય. **– તંત્રી મંડળ**

**પોસ્ટ/કુરીઅર માટે સરનામું : C.D.O. PRAKASH SAMIKSHA, C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053. E-mail : kdoprakash@gmail.com

# શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવાર

દ્વારા આયોજિત

## મોમાઈ માંની ભવ્ય ૨૭મી સમૂહ પહેડી

**શુભ દિન**

સંવત ૨૦૭૬, મહા સુદ-૨, રવિવાર, તા. ૨૬.૦૧.૨૦૨૦

**શુભ સ્થળ : ગીતા હોલ**

રેલ્વે સ્ટેશનની બાજુમાં,
ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

શ્રી વરાડીયાના મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૭મી સમૂહ પહેડી વિ.સં. ૨૦૭૬, મહા સુદ-૨, રવિવાર, તા. ૨૬.૦૧.૨૦૨૦ના શુભદિને ભાંડુપ (વેસ્ટ) ખાતે હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાશે.

**કાર્યક્રમની રૂપરેખા**

| | |
|---|---|
| સવારે ૭:૩૦ કલાકે | માતાજીને વાજતે-ગાજતે તેડવાનું સ્થળ : ગીતા હોલના ગલ્લીના નાકા પાસેથી રહેશે. |
| સવારે ૭:૩૦ કલાકે | નવકારશી |
| સવારે ૮:૩૦ કલાકે | માતાજીને પોંખવાની વિધિ રહેશે. |
| સવારે ૯:૦૦ કલાકે | શ્રી ગણેશજી સ્થાપના |

ભક્તિ ભાવના, માતાજીની આરતી, પહેડી-મહાપ્રસાદ, બપોરના ચા-પાણી, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ડી.જે. ચૌવિહાર વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સર્વે વરાડીયા મોમાયા પરિવારના ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર સમૂહ પહેડીમાં પધારવા તથા પહેડી-મહાપ્રસાદનો લાભ આપવા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ છે. આ પ્રસંગે **ચેતનાબેન હરીયા** અને સાથી કલાકારો ભક્તિભાવનાની રમઝટ બોલાવશે. ભાવતા ભોજન પીરસસે **ભલારા કેટરર્સ**ના **શ્રી દિપેશ ચીમનલાલ મોમાયા.** સમયસર પધારી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે તેમજ શૈક્ષણિક બહુમાન માટે નીચેના કાર્યકરોના નંબર ઉપર સંપર્ક કરશોજી.

**સંપર્ક : સાંસ્કૃતિક કાર્યક્રમ**

શ્રી ભાવિન મોમાયા - ૯૬૬૪૦૩૮૪૫૨
અ.સૌ. મંજુલાબેન હર્ષવર્ધન મોમાયા - ૭૫૦૬૩૨૭૭૪૭
અ.સૌ. કુંજલબેન કિરીટ મોમાયા - ૮૮૭૯૬૩૪૩૧૧

**સંપર્ક : શૈક્ષણિક કાર્યક્રમ**

વર્ષ ૨૦૧૮-૧૯, ૭૦% થી ઉપર ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અવશ્ય નામ નોંધાવે.
અ.સૌ. ધારીણીબેન ભૂપેશ મોમાયા - ૯૯૨૦૯૦૭૭૭૦
અ.સૌ. સેફાલીબેન પિયુષ મોમાયા - ૯૮૨૦૨૨૧૯૧૬

**નોંધ : નિયાણી બહેનોના પરિવાર પણ ભાગ લઇ શકશે.**

શ્રી મોમાઇ માતાજીની ધ્વજારોહણ વિક્રમ સંવત ૨૦૭૬, મહા સુદ-૧૫, રવિવાર, તા. ૦૯.૦૨.૨૦૨૦ના શુભ દિવસે નિરધારેલ છે. તા. ૦૪.૦૪.૨૦૨૦ના **ભૂવાશ્રીની ગંધી** બદલવાનો પ્રસંગ છે અને તા. ૦૫.૦૪.૨૦૨૦ના **સામૂહિક પહેડી** પ્રસંગ વરાડીયા દેવસ્થાનકે રહેશે. જે ભાવિકોને પધારવાની ભાવના હોય તેઓ વહેલી તકે નામ નોંધાવે જેથી ટીકીટો સમયસર મળી રહે.

**લિ. વરાડીયા મોમાયા પરિવાર વતી**
**ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી!!!**

---

શ્રી આદિનાથાય નમઃ

# શ્રી ક.દ.ઓ. જૈન જશાપર મહાજન

## શ્રી જશાપર ધ્વજા મહોત્સવ

શેઠશ્રી કેશવજી નાયક સ્થાપિત **શ્રી આદિનાથ દાદાનું પ્રાચીન જીનાલયની ૧૪૩મી વર્ષગાંઠ** (ધ્વજા મહોત્સવ) મહા વદ બીજને વાર **સોમવાર, તા. ૧૦-૨-૨૦૨૦ના પ.પૂ. મુનીરાજ કંચનસાગર મ.સા.**ની નિશ્રામાં ઉજવાશે. તો ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ સપરિવાર જશાપર નગરે પધારવા શ્રી મહાજન વતી ભાવભર્યું આમંત્રણ.

ધ્વજા મહોત્સવના બે દિવસનું સંપૂર્ણ લાભ ગામની નિયાણી બહેનોએ લીધેલ છે. તો આપ સૌને પધારવા વિનંતી. નિયાણી બહેનોને વિનંતી કે આપ સૌ આપેલ નંબર પર નામ લખાવવા વિનંતી.

**લીલાવંતી ધરમશી – 91 72082 98081**

**-: જશાપર આવનારે સંપર્ક માટે :-**

**ગૌતમભાઇ – 96046 33666**
**હિરેનભાઇ – 98196 55254**

**એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જશાપર મહાજન ના જય જિનેન્દ્ર**

---

*With fond memories for the one who continues to live in our Hearts...*



Birth : 29 Dec. 1949

Death : 19 Nov. 2014

## Smt. Indumati Somchand Malde

*Days, Months and years change,*
*but what forever remains is*
*your memory. Though you are not here,*
*we know, you are always near.*

*:: A Tribute of love and rememberance ::*

**Somchand V. Malde** **Jinesh - Lekha**
**Nilesh - Bhavana** **Amit - Kanan**
Grand Children : **Foram, Maahir, Meet, Siddh**
**ALL FAMILY AND FRIENDS**

## ઓસવાલોનો ઈતિહાસ – ઓસવાલોનું પ્રવાસન (સ્થળાંતર)

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

મુત્સદગીરી, રાજનિતી, સૈન્ય સંચાલન, રાજકારભારમાં ઓસવાલો અગ્ર હતા. હિંદુ રાજવીઓ સમજી ચુક્યા કે રાજ્યોની સમૃધ્ધી મૂલતઃ વાણિજ્ય અને વ્યાપારનાં સહયોગ પર નિર્ભિત છે જેમાં ઓસવાલો આગળ પડતા છે તેથી રાજ્યોનાં અનેક હોદાઓ ઉપર ઓસવાલોને પ્રાધાન્ય આપ્યું. રાજ્યમાં દિવાન, પ્રધાન, સેનાનાયક, કોષાધ્યક્ષ આદિ વિભાગોમાં નીમ્યા. ગાડાઓમાં પણ પંચાયતોમાં રેવન્યુ પટેલ, ચૌધરી, કામદાર આદિનાં હોદા આપ્યા. ઓસવાલોનું આ વર્ચસ્વ એમને દૂર સુધી નવા નવા રાજ્યોમાં લઈ ગયું અને ત્યાં સ્થિર થયા બાદ પોતાના કુટુંબીજનો અને નાતીલાઓને વસાવ્યા. દયા, ભ્રાતૃભાવ, સમાજમાં હળીભળી રહેવાના એમના ગુણોને લીધે સૌના પ્રિતિપાત્ર બન્યા.

ઓસવાલોનું રાજ્યનાં અગત્યનાં વિભાગમાં મોદીખાનું (ખાદ્ય પુરવઠા પ્રબંધ) સંચાલનમાં અગ્રસ્થાન હતું. આ વિભાગનું પ્રમુખ કાર્ય લશ્કરને ખાદ્ય પુરવઠો પુરો પાડવાનું હતું અને લશ્કરની પાછળ પાછળ ચાલવાનું રહેતું. આ ઉપરાંત લડાઈનાં નાના સાધનોનો સંગ્રહ કરવાનું કામ પણ હતું. રાજવીઓ વચ્ચે વારંવાર યુધ્ધો થયા કરતા. આવી ચડાઈ વખતે લાંબો સમય ઘર પરિવારથી દૂર રહેવું પડતું. લડાઈનાં જોખમ ઉપરાંત ચોર લુંટારાનો પણ ભય રહેતો. સૈનિકોને ધીરધાર કરતાં. લશ્કર પાછળ ચાલવાનું જોખમ હોઈ તેઓ જે જે પ્રદેશમાંથી પસાર થતાં તે પ્રદેશોની ભૌગોલિક સ્થિતિ અને વ્યવસાય કરવાની તકોનું નિરીક્ષણ કરતાં અને જ્યાં જ્યાં સારી તકો જણાઈ ત્યાં તેઓ વસી જતા. વ્યાપાર આદિમાં વૃધ્ધી થતાં નવી નવી શાખાઓ ખોલતા અને પોતાના કુટુંબીજનો અને જ્ઞાતિજનોને વસાવતા. આવી રીતે ધીમે ધીમે તેઓ મેવાડ, માલવાથી આગળ વધી યુ.પી., બિહાર, ઓરિસ્સા, બંગાળ, આસામ સુધી ફેલાયા. શ્રીમંત ઓસવાલો રાજ્યને કુદરતી આપત્તિ કે યુધ્ધ વખતે ધિરાણ પણ કરતા. ઘણી વખત યુધ્ધમાં હાર થતા ધિરાણની રકમ પાછી મળવી મુશ્કેલ બની જતી અને હારેલ રાજવીઓને ખંડણીની મોટી રકમ ચૂકવવી પડતી જે માટે રાજવીઓ, વ્યાપારીઓ તથા પ્રજા ઉપર મોટા કરવેરા લાદતા એને કારણે ઘણાં ઓસવાલોને અન્યત્ર ચાલી જવાની ફરજ પડતી.

ઓસવાલોનાં મોટે પાયે સ્થળાંતરનું એક મુખ્ય કારણ ઉત્તર-પશ્ચિમ તરફથી વારંવાર વિદેશી આક્રમણકારોનાં હુમલા પણ હતું. ઈસવીસન પૂર્વે ૩૦૦ થી ઈ.સ. ૩૦૦ સુધી ગ્રીક, સીથીયન, પાર્થીયન, સેંટ્રલ એશિયામાંથી અનેક ચઢાઈઓ થઈ. આ વિભાગમાં ગુપ્ત સામ્રાજ્ય જેવું મજબૂત રાજ્ય ન હતું જે વિદેશીઓનો સામનો કરી શકે. ગુપ્ત શાસનનાં પતન બાદ હુમલાખોરો ભારતમાં આગળ વધવામાં સફળ થયા. છતાં તેઓ સિંધ, પંજાબ, જમ્મુ, કાશ્મીર સુધી સિમિત રહ્યા. રાજસ્થાનમાં નાના નાના અનેક રાજવીઓ હતા. રાજપૂતોનાં છેલ્લા બળવાન રાજવી પૃથ્વીરાજ ચૌહાણનાં સમય સુધી રાજપૂતોએ સારો સામનો કર્યો અને આ વિદેશીઓને બહુ ફાવવા દીધા નહીં.

પંજાબમાં હૂણોની સત્તા સ્થાપાયા બાદ રાજવી તોરમાણ હૂણે રાજસ્થાન તરફ આગળ વધ્યો. સવંત ૬૪૮માં સમ્રાટ હર્ષવર્ધનનું અવસાન થયું ત્યાર બાદ આક્રમણકારોને ભારતમાં આગળ વધવું સરળ થઈ પડ્યું. વિ.સં. ૫૫૭માં તોરમાણ હૂણે પશ્ચિમ રાજસ્થાન, સિંધમાં સત્તા મેળવી અને ભિન્નમાલમાં ઋષભદેવ ભગવાનનું વિશાળ મંદિર બંધાવ્યું. તોરમાણ હૂણનાં અવસાન બાદ તેનો પુત્ર મિહિરકુલ ગાદીએ આવ્યો. આ રાજવી જૈનોનો કટ્ટર વિરોધી હતો અને જૈનોને ખૂબ જ ત્રાસ આપવા લાગ્યો. તેથી ઓસવાલો આ વિસ્તારમાંથી દૂર ઉત્તર ગુજરાત, બાંટ પ્રદેશ (દક્ષિણ ગુજરાત), સૌરાષ્ટ્ર તરફ ફેલાયા.

વિક્રમ સવંત ૮૦૨માં વનરાજ ચાવડાએ અણહીલપુર પાટણમાં નવી રાજધાની સ્થાપી અને મારવાડમાંથી ઘણા ઓસવાલ, શ્રીમાલ અને પોરવાડ શ્રેષ્ઠીઓને વ્યાપાર્થે આમંત્ર્યા. તેથી ઓસવાલો આ વિસ્તારમાં આવ્યા અને આગળ જતાં ખંભાત, ભરૂચ, સુરત તરફ ફેલાયા.

**પ્રકાશ સમીક્ષામાં સમાચાર મોકલવા માટે વોટ્સએપ નંબર 9372300236**

બદલાતા સમય સાથે તાલ મેળવવા પ્રતિબધ્ધ પ્રકાશ સમીક્ષામાં જ્ઞાતિના, ગામના તથા વ્યક્તિગત સિધ્ધિઓના સમાચાર મોકલવા માટે ઇ-મેલ ની સાથે સાથે વોટ્સએપ માધ્યમ પણ ઉપલબ્ધ છે. આપની સંસ્થાના સમાચારો મુદ્દાસર, ટુંકમાં યોગ્ય ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી છે. **વોટ્સએપ નંબર 9372300236** **– તંત્રી મંડળ**

વિક્રમની છઠ્ઠી સદીથી ૧૩મી સદી સુધી મુસ્લીમોના અનેક હુમલાઓ ભારત પર થયા. મહમદ પયગંબરના મરણ પછી આરબોના ખલીફાઓની અનેક ચઢાઈઓ ભારત પર થઈ. આવા ૧૬ આક્રમણો નિષ્ફળ નિવડ્યા. સવંત ૭૬૮ (ઈ.સ. ૭૧૧)માં આરબ સૂબો મહમદ બિન કાસીમ સફળ થયો અને સિંધમાં સત્તા મેળવી. પરંતુ સિંધ, મુલતાનથી બહુ આગળ ન વધી શક્યો. ત્યાર બાદ તુર્કી મહમદ ગઝનીએ અનેક ચઢાઈઓ કરી ભારત લુટ્યું. ત્યાર બાદના સમયમાં મહમદ ઘોરીએ અનેક ચઢાઈઓ કરી. રાજપૂતો ઈર્ષ્યા અને કુસંપને કારણે એક થઈ સામનો ન કરી શક્યા અને છેલ્લા હિંદૂ રાજપૂત રાજવી પૃથ્વીરાજ ચૌહાણની ઈ.સ. ૧૧૯૪માં હાર થતાં રાજપૂતાના રાજ્યમાં મુસ્લીમ સત્તાનું વર્ચસ્વ વધ્યું. ત્યાર બાદ ગુલામ વંશ ઈ.સ. ૧૨૦૬ થી ૧૨૯૦ અને ઈ.સ. ૧૨૯૦ થી ૧૩૨૦ ખીલજી વંશના શાસકો અને તેમાં અલ્લાઉદિન ખિલજીના અત્યાચારો, ધર્માંત્તરો માટે હિંદુઓ ઉપર જાલીમ ત્રાસ આપતાં મારવાડ તરફથી ઓસવાલોને નીકળવાની ફરજ પડી અને થરપારકર, સિંધ, ઉત્તર તથા દક્ષિણ ગુજરાત, માલવા પ્રદેશ તરફ સ્થળાંતર કરવાની ફરજ પડી. વહીવંચાઓની નોંધમાં વિક્રમ સંવત ૧૧૧૧માં બોડી મુગલે ભિન્નમાલનો નાશ કરતાં આ વિસ્તારમાંથી અનેક જૈનોએ સ્થળાંતર કર્યું એનો ઉલ્લેખ જોવા મળે છે.

ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં છઠ્ઠા પટ્ટધર આચાર્ય રત્નપ્રભસૂરિ થયા જેમણે ઉપકેશવંશની સ્થાપના કરી જે એ કાળે મહાજન વંશ તરીકે ઓળખાતા. આચાર્ય રત્નપ્રભસૂરિ પહેલા ૪થી માટે આચાર્ય કેશીશ્રમણ થયા. તેમના સમયે દક્ષિણ ભારતમાં લોહિતાચાર્ય થયા જેમના અવસાન બાદ દક્ષિણમાં મુનિવર્ગમાં શિથીલાચાર અને આપસમાં ફાટફૂટ અને ત્યાર બાદ વિવાદ/મત મતાન્તર વધ્યા. આ વાત ઉત્તરમાં વિચરતા આચાર્ય કેશીશ્રમણે જાણી ત્યારે આ મુનિઓને તેમણે ઉત્તરમાં બોલાવી લીધા. થોડા સમયમાં ઉત્તરમાં પણ દક્ષિણ ભારત જેવી જ હાલત થઈ. કેશીશ્રમણ ઘરની બિગડી સુધારવા લાગ્યા. ઉત્તરમાં યજ્ઞો અને પશુહિંસાનું જોર ખૂબ વધ્યું. બૌધ્ધ ધર્મ જે સરલ હતો તેનો સ્વીકારનારા વધ્યા અને અનેક રાજવીઓએ તેનો સ્વીકાર કર્યો. પરિસ્થિતિ મુશ્કેલ જાણી આચાર્ય કેશીશ્રમણે પોતાના શ્રમણ સંઘની વિરાટ સભા ભરી સચોટ ઉપદેશ આપી આપસની ખેંચાતાણી બંધ કરી. શિથિલાચારથી દૂર રહેવા અને અન્ય સ્થળે વિહાર કરવાની આજ્ઞા અનેક શિષ્યોને કરી જેથી ૫૦૦ મુનિ કર્ણાટક, તેલંગણા તરફ, ૫૦૦ મુનિ દક્ષિણ મહારાષ્ટ્ર તરફ, ૫૦૦ મુનિ સિન્ધુ-સૌવીર દેશ તરફ, ૫૦૦ મુનિ કાશી-કૌશલ તરફ, ૫૦૦ મુનિ અંગબંગ દેશ તરફ, ૫૦૦ મુનિ સંયુક્ત પ્રાંત (દિલ્હી-આગ્રા) તરફ, ૫૦૦ મુનિ અવંતી-ઈન્દોર તરફ તથા બીજા અન્ય પ્રાંતોમાં વિહાર કર્યો. આ દર્શાવે છે કે ઉપકેશીયવંશ પરંપરાના આગળનાં આચાર્ય તથા શ્રમણો ભારતનાં ઘણાં પ્રાન્તમાં ફેલાય ચૂક્યા હતા. આ સમયે મારવાડમાં સ્વયંપ્રભસૂરિ અને રત્નપ્રભસૂરિએ વિચરણ કરી ઉપકેશવંશની સ્થાપના કરી. આ ઉપકેશગચ્છના સાધુઓનો દક્ષિણ તથા પૂર્વના વિભાગમાં વિહાર હોઈ સમયાંતરે ઓસવાલો પણ આ વિસ્તાર રતફ આવવા પ્રેરાયા હશે. ઈશુ પૂર્વે ૪થી શતાબ્દીમાં ઓસવાલો દક્ષિણમાં વિસ્તર્યા તેવું મનાય છે. ઉત્તર ભારતમાં ૧૨ વર્ષિય ભીષણ દુષ્કાળની આશંકાથી આચાર્ય ભદ્રબાહુ સ્વામી ચતુર્વિધ સંઘ સાથે દક્ષિણ ભારત તરફ પ્રયાણ કર્યું. સમ્રાટ ચંદ્રગુપ્તનાં શ્રવણ બેલગોડાના શીલાલેખોમાં મળી આવતા ઓસવાલોના ગોત્રોનાં નામો પરથી સ્પષ્ટ થાય છે કે જૈન ધર્મને રાજકીય આશ્રય મળતાં ઘણાં જૈનો જેમાં ઓસવાલો પણ હતા તેઓ દક્ષિણમાં આવી વસ્યા.

ઈશુની છઠ્ઠી સદીથી લઈ ૧૩-૧૪મી સદી દરમ્યાન બૌધ્ધ, શૈવ, વૈષ્ણવ મતો સામે જૈન ધર્મની પ્રતિસ્પર્ધા થઈ. જૈનો ઉપર અનેક અત્યાચારો થયા, જૈનોને મળતાં રાજ્યાશ્રયો બંધ કરાવી નખાયા, જૈન મંદિરોને તોડી નખાયા, અનેક જૈન મંદિરોને શૈવ મંદિરોમાં પરિવર્તિત કરાવી નખાયા, અનેક જૈનોને ધર્માંતર કરાવાયા. જેને લીધે ઘણાં ઓસવાલ જૈનોને અન્ય સ્થળે સ્થળાંતર કરવું જરૂરી બન્યું.

– ક્રમશઃ

**ભુલ સુધાર :** અંક નં. ૭ તારીખ ૫ નવેમ્બર ૨૦૧૯માં પાના નં. ૨૫ ઉપર છપાયેલ લેખમાં લીખીતના નામો નીચે પ્રમાણે વાંચવા. – **કાંતિલાલ વોરા,** સામાજીક કાર્યકર્તા, – **પ્રિતી એન. શાહ,** ઉપપ્રમુખ, – **લિતીન એન. શાહ,** માનંદ્ મંત્રી, – **પ્રદીપ આર. શાહ,** પ્રમુખ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, કોઈમ્બતુર.

## કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. પ્રિટીંગ માટે પાનાની ગોઠવણ કરવાની હોઈ પાનાના ક્રમ માટે આગ્રહ ન રાખવા વિનમ્ર વિનંતી.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૪

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૮૨૬૭ ૭૬૬૨૭

**'' રતન માહિ સારો હીરો, નીરોગી નરમાંહિ**
**શીતલ માંહિ ઉસીરો, ધીરો વ્રતધરમાંહિ**
**તિમ સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર**
**કહ્યા ન જાયે રે એહના, જેહના છે બહુ ઉપકાર''**
**-ઉપાધ્યાય યશોવિજયજી મ.સા.**

નવકાર મંત્રની મહિમા વર્ણવતા અને ચર્ચા કરતા હજી ઉંડાણમાં લખવા બેસીએ તો અપરંપાર લેખો લખવા પડે. તે છતાં ઉપસંહારમાં વિદ્વદ્‌વર્ય પૂ. શ્રી જંબૂવિજયજી મ.સા.ના શ્રી નવકાર પ્રભાવ ગ્રંથમાંથી કેટલીક વિગતો આપની જાણ માટે અહીં ઉતારૂ છું.

''અહીં મહત્ત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે **નવકાર મંત્રનો અપાર મહિમા છે**, એમ બધા જ કહેતા આવ્યા છે અને કહે છે, તો પછી આપણને બધાને એનો અનુભવ કેમ થતો નથી ? આનો ઉત્તર પણ સામાન્ય રીતે જ આપવામાં આવે છે કે એકાગ્રતા, ભક્તિ તથા વિધિપૂર્વક એનો જાપ કરવામાં આવતો નથી તેથી નવકાર મંત્રનો જાપ કરવા છતાં ઈષ્ટ ફળ મળતું નથી. આ ઉત્તર તદ્દન સત્ય છે, છતાં કેટલીક વિશેષ વિચારણાની ખાસ જરૂર છે કે એકાગ્રતા કેમ આવતી નથી ? વ્યગ્રતા પાછળ શા કારણો ? વ્યગ્રતા કેવી રીતે દૂર થાય ? એવી કઈ બાધક વસ્તુઓ નડે છે કે જે આપણી સાધનામાં વિઘ્ન નાખે છે ? શું કરવામાં આવે કે જેથી મંત્રાક્ષરોમાં ગુપ્ત રહેલું અચિંત્ય સામર્થ્ય પ્રગટ થાય ? નવકાર મંત્રના ભક્તિમાન સાધકોની અને ઉપાસકોની આ મોટામાં મોટી મુંઝવણો છે.

મંત્રાક્ષરોમાં ગુપ્ત રહેલી અચિંત્ય શક્તિને પ્રગટ કરવા માટે જાપ ઉપરાંત બીજા અનેકાનેક નિયમોને જીવનમાં ઉતારવા પડે છે. મોટા ભાગના સાધકો એ નિયમોને જાણતા જ હોતા નથી. ઘણાં ખરા જાણનારા પણ અનેક કારણોને લીધે એ નિયમોને અમલમાં મૂકી શકતા નથી એટલે નવકારનો અપાર મહિમા સાંભળીને એકદમ આકર્ષાઈને 'નવકારનો જાપ કરવાથી શીઘ્રમેવ ઈષ્ટ ફળ મળી જશે.' એવી આકાંક્ષાઓથી જેઓ નવકારનો જાપ કરવા પ્રવૃત્ત થાય છે અને ફળની જ અધીરાઈને જેઓ સેવ્યા કરે છે તેવા મનુષ્યોને જ્યારે ઈષ્ટ ફળ શીઘ્ર મળતું નથી ત્યારે પ્રારંભમાં નમસ્કાર ઉપર તેમને જે તીવ્ર શ્રદ્ધા હોય છે. તેમાં ઘટાડો થવા લાગે છે અને તેથી નવકારથી મળતું જે ઈષ્ટ ફળ તે નજીક આવવાને બદલે ઉલટું દૂર દૂર ખસતું જાય છે. એટલે નવકારના સાધકોએ ફળ ઉપર દ્રષ્ટિ સ્થાયી રાખવા કરતાં નવકાર ઉપર દ્રષ્ટિ સ્થાપિત કરવાની જ ખાસ જરૂર છે. 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' કર્તવ્ય કરવાનો જ આપણને અધિકાર છે, ફળ ઉપર અધિકાર નથી એટલે આપણું પરમ કર્તવ્ય તો નવકારની ઉપાસના કરવી એ જ છે, એનું ફળ આપવાનું કાર્ય નવકારને જ સોંપી દેવું જોઈએ.

નવકાર મંત્રના અચિંત્ય અદ્‌ભૂત પ્રભાવને પ્રાપ્ત કરવા માટે પૂ. મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. નીચેના સુવર્ણ નિયમો જણાવે છે. આ મહામંત્રને પામવા, અનુભવવા, સાક્ષાત્કાર કરવા સાધકોએ નીચેની પાંચ વસ્તુઓને આત્મસાત કરવી જરૂરી છે.

**(૧) શ્રદ્ધા, (૨) સમર્પિતતા, (૩) સ્નેહ, (૪) સાતત્યતા, (૫) સ્થિરતા.**

આમ ઉપરની પાંચ વસ્તુઓને આપણે આપણા જીવનમાં સ્થાન આપીએ તો આપણે માનવમાંથી મહામાનવ, મહામાનવમાંથી દેવ અને દેવમાંથી દેવાધિદેવ પણ બની શકીએ.

સ્વ. શ્રી જયંત રાહી નવકાર મંત્રની આરાધના, સાધના, ઉપાસના કરાવતા. તમારા માંથી ઘણા લોકોએ તેમની શિબિરોનો લાભ લિધેલ હશે. આ શિબિરોમાં ભાગ લેનારાઓને નવકારના જાપથી લાભ થયો છે તેમ જાણવા મળેલ છે.

નવકાર મંત્ર ઉપર જેમને વધુ વિગતો પ્રાપ્ત કરવી હોય તેવા મિત્રોને આપણા જ ગચ્છના આચાર્યશ્રી મહોદયસાગરજી મ.સા.ની કલમે આલેખાયેલી બુક-

''Miracles of Mahamantra Navkar''
- Mahodaysagar.
Publisher : Kastur Prakashan Trust, 102 Laxmi Apt., 206 Dr. Ani Besant Road, Worli Naka, Mumbai-40018

અહીં નવકાર મંત્ર વિષેની ચર્ચા પૂર્ણ કરું છું, પણ હજી મુખ્ય પ્રશ્ન જે પ્રથમ મણકામાં ''એક જિજ્ઞાસુ બહેને શ્રી સુથરી તીર્થે કરેલ કે **ધર્મ એટલે શું ?**'' તે તો હજી અનઉત્તીર્ણ છે. આગલા અંકોમાં એ પ્રશ્ન પર પણ ચર્ચા કરીશું.

**''જિજે ધરમ ને જિજે ધનમેં ઈ વે મરો;**
**પચે તાં ખાસો, નકાં ખતરો પ ખરો.''**
**- કવિ તેજ**

॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

**હેડ ઓફીસ :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪ તા. ૧૮-૧૧-૨૦૧૯

### વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા. ૨૧-૧૨-૨૦૧૯,** બપોરના ૪.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ,વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦. ખાતે રાખવામાં આવેલ છે.

**એજન્ડા : કાર્યસુચી :-** ૧)ગત મિનિટસનું વાંચન અને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.

૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.

૪) મહાજનના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડીટર નિમણુંક બાબત.

૫) ૧૯ જાન્યુઆરી ૨૦૨૦ના યોજનાર સ્નેહ સંમેલન બાબત ચર્ચા વિચારણા. ૧લી જૂને થનાર ધજા ઉત્સવના અમુક ચડાવા સંમેલનના લેવા બાબત ચર્ચા.

૬) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા.

૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયોપર ચર્ચા - વિચારણા.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી**

લી. માનદમંત્રીઓ : **જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપસી ડુંગરશી હેફા**

**નોંધ :** વર્ષ ૨૦૧૮-૨૦૧૯ મહાજન તેમજ ટ્રસ્ટનાં હિસાબી ચોપડા (ઓડીટેડ) હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, મધ્યે મહેતાજીને લખાણમાં આપી અને શુક્રવાર તા. ૩૦-૧૧-૨૦૧૯ સુધી જોઇ શકો છો.

**નોંધ :** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

## શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ
## શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ
## મંજલ-રેલડીયા.

**ઉપરોક્ત શ્રી ટ્રસ્ટ અને શ્રી સંઘની એક સાથે સામાન્ય સભા તા. ૧૫/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ નીચે જણાવેલ સ્થળે બપોરે ૨.૦૦ વાગે રાખવામાં આવેલ છે. જેમા નીચે આપેલ એજન્ડા મુજબની કાર્યવાહિ હાથ ધરવામાં આવશે.**

**(૧) ઉપરોક્ત શ્રી સંઘ અને શ્રી ટ્રસ્ટ વચ્ચે નક્કી થયેલ M.O.U. પર ચર્ચા-વિચારણા કરી બહાલી આપવા બાબત.**

**(૨) શ્રી આદેશ્વરજી મહારાજ મંજલ-રેલડીયા દેરાસજીમાં ૧૩૮મી ધજા પ્રસંગે ઉછામણી, અન્ય નકરા અને ૧૮ અભિષેકના કુપનના વેચાણ તથા કાર્યક્રમને સુરૂપ ઉજ્જવવા ચર્ચા-વિચારણા કરવા બાબત.**

**(૩) શ્રી મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી તરફથી રજુઆત.**

### :: મિટીંગનું સ્થળ ::

**શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય**

**કિશોર બિલ્ડીંગ, પહેલે માળે, ગણેશ ટોકીઝની બાજુમાં, લો પ્રાઈઝ દુકાનની પાછળ, દેસાઈ વાડી, મુલુંડ (ઈસ્ટ).**

**શ્રી હુકમચંદ ધરમશી**
**મેનેજીંગ ટ્રસ્ટી**

**શ્રી રમેશ ગોસર**
**શ્રી મં. રે. અ. જૈન સંઘ**
**માનદ્‌મંત્રી**

**(૧) ગામના સર્વે ભાઈઓ-બહેનો તેમજ નિયાણી બહેનોને પધારવા સપ્રેમ આમંત્રણ (૨) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા, તેજ સ્થળે અડધા કલાક પછી મળશે અને તેને કોરમનો અભાવ નડશે નહીં.**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

## નામ અને કર્મના ધર્મથી એક યોગી

વિનોબા ભાવેએ જરાક ડંખે એવી પણ સચોટ એક–એ વાત કહેલી કે – આપણે સારા ડૉક્ટર, ઇજનેર કે વકીલ તો બનાવ્યા, પણ સારા માણસ નિપજાવવામાં પાછળ રહી ગયા. અને સારો માણસ નિપજાવવાનું કામ એકલા શિક્ષણથી નથી થઇ શકતું એના માટે સંવેદનાત્મક અને, પરલક્ષી હૃદય જોઇએ.

કમનસીબે શિક્ષણને આપણે સૌએ ફક્ત રોજગાર પ્રાપ્તિ સુધી જ મર્યાદિત કરી દીધું. પણ માણસ જો ખરેખર પરલક્ષી હોય, અને સાથે જ જો એણે ઉચ્ચ શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું હોય, તો એ શું કરી શકે, એનું સાક્ષાત ઉદાહરણ ઉત્તર ગુજરાતના ડૉ. દેવચંદ યોગી. ઘણાં વર્ષો પહેલાં એમના વિષે થોડું લખ્યું હતું પણ એમની છેલ્લામાં છેલ્લી અને એમની ઉત્તરવયની મુલાકાતે થોડો વધુ પ્રકાશ, અંગત પરિવાર વગરના પણ પીડિતોને પોતાનો પરિવાર બનાવીને રહેતા એ ખરા અર્થમાં યોગી વિષે વધુ લખવા પ્રેરે તેવું છે.

નામ દેવચંદ, અટક યોગી, માત્ર ઓળખને જ્ઞાતિના કોઇ એક અધિકૃત ખાનામાં મુકર્રર કરવા ખાતર કહું તો પછાત ગણાતી રાવળિયા કોમ, આ મોટે ભાગે શિક્ષણવંચિત જ્ઞાતિમાં જન્મ છતાં તેમની ઇચ્છા તો તબીબી ડૉક્ટર બનવાની હતી. તબીબી જ્ઞાનનો ઉપયોગ કરીને જરૂરીઆતવાળાં લોકોની વચ્ચે જઇને એ એમની મદદ કરવા ઇચ્છતા હતા, પણ એ શક્ય ન બન્યું. પણ ગમેતેમ કરીને ઉચ્ચ શિક્ષણ જરૂર મેળવ્યું. વનસ્પતિશાસ્ત્રમાં પીએચ.ડી સુધીનું શિક્ષણ મેળવ્યું. કડી સાયન્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. પગારની સ્થિર આવક ચાલુ થઇ ગઇ. પણ મનમાં પેલી ભાવના મૂર્તિમંત થવા સળવળતી હતી એટલે ૧૯૮૪ માં વતન નજીકના નાની કડીમાં અપંગો માટે ‘મમતા કેન્દ્ર’ની શરૂઆત કરી તો ખરી પણ ત્યારે પરિવારને આ સાધુવેડા પસંદ ન પડ્યા. ઘરમાં એ બાબતે વૈમનસ્ય પેદા થયું એટલે એમણે પહેરેલ કપડે ઘર છોડ્યું અને મમતા કેન્દ્રને જ પોતાનું ઘર માની લીધું. એ દિવસોમાં એક ઘટના ઘટી. બાબુ નામનો એક ગરીબ માવતરનો છોકરો વીજળીના જીવંત તારને અડી ગયો. શૉક લાગ્યો. ગેંગરીન થયું. એક હાથ ખભામાંથી અને એક હાથ કોણીમાંથી કાપવો પડ્યો. માબાપ એને મમતા કેન્દ્રમાં મૂકીને જતાં રહ્યાં. તો ત્યાં એ સચવાઇ ગયો. યોગીએ પગથી એને ખાતા શીખવ્યું, મોંમાં પેન રાખીને લખતા શીખવ્યું. એ બાબુ મમતા કેન્દ્રમાં ૧૦ વર્ષ રહ્યો. ધોરણ ૧૦ પાસ કર્યું. ને પછી તો નોકરીય મળી. બાબુનાં લગ્ન પણ થયાં. આજે તો બાબુને ય બે બાળકો છે. બાકી બાબુ જેવા બીજાં ૪૦૦ અપંગ બાળકોને સમાજમાં ઠરીઠામ કર્યા.

૧૯૯૭ના વર્ષમાં અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી દેવચંદભાઇને લાગ્યું કે મમતા કેન્દ્રમાં બંધાઇ જવાને બદલે હજુ પ્રવૃત્તિનો વ્યાપ વધારવો જોઇએ. એ માટે જ્યાં શાંતિ મળે, નિરાંતવા બેસી શકાય એવી જમીન ખરીદવાનું દેવચંદભાઇનું સ્વપ્ન હતું. એમનો આશય એવો કે જરૂરતમંદ વૃદ્ધો એને નિરાધાર બાળકો માટે કંઇક એવી પૂરક વ્યવસ્થા ઊભી કરવી કે જ્યાં દાદાને પોતરાં અને પોતરાંને દાદા મળી રહે, એકબીજાની જિંદગીની અધૂરપ આ રીતે પૂરી થાય. મંશા એવી કે એ જગ્યામાં સંકુલ એવું રળિયામણું બનાવવું કે આવનારને ત્યાંથી ઊઠવાનું જ મન ન થાય. અલબત્ત, આ બધા મનના ઘોડા હતા. એને યથાર્થની ભૂમિ પર દોડતા શી રીતે કરવા ? એ મૂંઝવણ તો હતી જ. દેવચંદભાઇએ પહેલાં તો ’મંગલ જીવન ટ્રસ્ટ’નું રજિસ્ટ્રેશન કરાવ્યું અને પછી સંસ્થા માટે અનુકૂળ જગાની શોધ આદરી. શામળાજી, અંબાજીથી લઇને કચ્છ તે તેમજ ખેડા જિલ્લામાં પણ દેવચંદભાઇ જમીનો જોઇ આવ્યા, પણ ક્યાંય મન ઠરતું નહોતું.

### નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્‌ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્‌ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે.

આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઇમેઇલ kdoprakash@gmail.com ઉપર અથવા **C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે.

**– તંત્રી મંડળ**

એવામાં અનાયાસે જ તેમને સિદ્ધપુર પાસેની સેદ્રાણા ગામની સીમમાં જગ્યા સાંપડી ગઇ. નિવૃત થયા પછી એના અનુસંધાને આવેલા ચૌદ લાખમાં પોતે જ બાર લાખ રૂપિયા એમાં હોમી દીધા. પછી તો નવીનભાઇ સુતરીઆ, પ્રો. કે.બી. ભટ્ટ જેવા શુભેચ્છક મિત્રો જોડાયા. એ પણ નક્કી કર્યું કે પોતે હવે એકલ જીવ છે એટલે માત્ર માસિક રૂા. ૫૦૦૦ સિવાય વધારાની પેન્શનની રકમની પોતાને જરૂર નથી. એ પણ સંસ્થામાં જ ઉપયોગમાં લેવાનું શરૂ કર્યું. અને એમ તેરમી જુલાઇ, ૨૦૦૦ના રોજ આ જમીન પર 'મંગલ જીવન ટ્રસ્ટ' આરંભ થયો.

પણ એનું સૌપ્રથમ કામ જમીન પરનાં ઝાડીખાંખરાં દૂર કરીને પાણીની વ્યવસ્થા કરી. ઇજનેર દિવ્યેશભાઇ દેસાઇએ એક પણ પૈસો લીધા વિના 'મંગલમ્'નો પ્લાન તો તૈયાર કરી જ આપ્યો, ને સાથે રૂા. ૫૧૦૦૦નો ચૅક સામેથી આપ્યો એટલું જ નહીં. 'મંગલમ્'ની ગૌશાળા માટે એક ગાય પણ ભેટ આપી. આમ અનેક મિત્રો, શુભેચ્છકો, દાતાઓને સંસ્થા વિશે જાણ થતી ગઇ. સૌ કોઇ પોતપોતાની રીતે નાની-મોટી મદદ કરતા રહ્યા. કોઇએ રોકડ સહાય આપી, કોઇએ સાધનોની સહાય આપી તો કોઇએ સામી ચાલીને કામની સેવા આપી. વીજળી નહોતી તો કોઇએ સૌર લાઇટો માટે મદદ કરી.

અત્યારે શી પરિસ્થિતિ છે ?

'મંગલમ્'ની ગૌશાળામાં ત્રણ ગાયો, બે ભેંસો અને બે પાડી જેવાં દૂધાળાં ઢોર છે. તેનો ઘાસચારો મોટે ભાગે ત્યાં જ ઉગાડી લેવામાં આવે છે. બે ભેંસોનું દૂધ સંસ્થાનાં બાળકોને માટે વપરાય છે. એ ઉપરાંત વધતું દૂધ સહકારી મંડળીમાં મોકલવામાં આવે છે. અહીં ગૌશાળાની ગાયોના રહેઠાણ માટે અદ્યતન શેડ પણ બનાવવામાં આવ્યો છે. આજકાલ કરતાં વર્ષો વીતી ગયાં.

વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાત એવા આ સંચાલકે સાવ વેરાન અને ઉજ્જડ ભૂમિ પર આજે પોતાના એ જ્ઞાનથી આંબળાં, પપૈયાં, ચીકુ, સંતરા, મોસંબી, ખારેક, સીતાફળ, અંજીર, કાજુ અને નારિયેળીનાં વૃક્ષોની હરીભરી સૃષ્ટિ ખડી કરી દીધી છે. આ કેમ્પસમાં આંબા, શેતુર, સાગર, મેહોગની જેવી અનેક પ્રજાતિઓનાં વૃક્ષો પણ લહેરાતાં નજરે પડે છે. આ ઉપરાંત દમવેલ, ગળો, સર્પગંધા, ચણોઠી, અરીઠાં જેવી અનેક ઔષધિઓ પણ ખરી. ત્રણસોથી ચારસો સાગનાં ઝાડ પણ ઉછેરી દીધાં છે, જે પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ તો નંદનવન ન લાગે, પરંતુ ભવિષ્યમાં સંસ્થાને સ્વનિર્ભર થવામાં એ કેટલાં બધાં ઉપયોગી થઇ શકે તે જાણકારો સમજી જ શકે.

આ સંકુલમાં એક કુદરતી ઉપચાર કેન્દ્ર શરૂ કરવાની દેવચંદભાઇની ઇચ્છા. એને સાકાર કરવા માટે આર્થિક બળ ભગવાનભાઇ બી. પટેલ નામના વડનરના વતની ઉદ્યોગપતિએ પૂરૂં પાડ્યું. તેમના આર્થિક સહયોગથી રૂા. ૪૦ લાખના ખર્ચે કુદરતી ઉપચાર કેન્દ્રનું મકાન બનાવવામાં આવ્યું. તેમાં અદ્યતન સાધનોથી દવા વગર સારવારની સગવડ ઊભી કરવામાં આવી.

એના પૂરક પરિબળ તરીકે ત્યાં અગિયાર જેટલી ગીર ગાયો અને થોડી ભેંસો પણ વસાવી લેવામાં આવી પણ સૌથી મહત્ત્વનું અને ગુજરાતમાં અનન્ય અને અપૂર્વ એવું કદમ તો છે 'ચંદનવન'નું નિર્માણ. ગુજરાતની ભૂમિ ચંદનની ખેતીને જરા પણ અનુકૂળ નથી. એને ઉગાડવામાં જો કોઇ સફળ થાય તો આ ધાર્મિક વલણ અને આયુર્વેદિક ઔષધિ તરફી ઝોકવાળા આપણા દેશમાં તેના જેવી નફાકારક ખેતી બીજી કોઇ નથી. દેવચંદ યોગીએ ચંદનવન પેદા કરવા માટે બે વીઘા જમીન ફાળવી અને તેમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ ચંદનના ત્રણસો જેટલા છોડ રોપ્યા. ચંદનના છોડને પાણી પ્રમાણમાં ઓછું જોઇએ, પણ બીજી એક શરત એ છે કે તેને બીજા કોઇ છોડની જોડે જ વાવવાં પડે. એ રીતે તેમણે સાથોસાથ તુવેર, લીમડો અને બાવળ પણ વાવ્યાં, હવે ધીરે ધીરે એ ચંદનના છોડ કાઠું કાઢવા માંડ્યા છે. એની સતત માવજત ખર્ચાળ છે. પણ જો એ ગમેતેમ કરીને સફળ થાય તો દસેક વર્ષ પછી આ વૃદ્ધો અને બાળકોને અને વળી ગૌવંશને સાચવતી સંસ્થાને એટલી આવક આપે કે એ સ્વનિર્ભર બની રહે.

સિદ્ધપુર કાકોશી રોડ પર સેદ્રાણા પાસે આવેલા આ 'મંગલ જીવન ટ્રસ્ટ'નું રમણીય અને આંખને તેમજ હૈયાને ઠારે એવું મનોહર સંકુલ જોતાં ભાગ્યે જ ખ્યાલ આવે કે હજી થોડાં વર્ષો અગાઉ અહીં સાવ ઉજ્જડ અને અવાવરૂ જમીન હતી, જ્યાંથી પસાર થવાનું ધોળે દહાડે પણ રાહદારીઓ ટાળતા, પણ દેવચંદભાઇ યોગીની મહેનતના પરિણામે એક સમયની મરૂભૂમિ પર હવે તો નંદનવન સર્જાઇ ગયું છે.

અહીંના 'કલરવ' નામના વિભાગની તો વાત જ અનોખી છે. એક વખત એક આદિવાસી કુમારિકા સગર્ભા બની તો તેનાં કુટુંબીજનોએ એને 'ખાનાદાન કી ઇજ્જત'નો

મુદ્દો બનાવી દીધો. એ હદે કે તેઓ તેને ખતમ કરી નાખવા પર આવી ગયાં. પણ ગીતાબેન નામનાં એક બહેનને આ વાતની જાણ થતાં તેઓ વચ્ચે પડ્યાં અને સગર્ભા કન્યાની જવાબદારી પોતે લઇ લીધી. પૂરા મહિને આ કન્યાએ પુત્રને જન્મ આપ્યો અને ગીતાબેને તેને ઉછેરવાની જવાબદારી સ્વાકારી. માનવતાના નાતે પોતાનું કર્તવ્ય ગીતાબેને બજાવ્યું. પણ ત્યાર પછી કપરી વાસ્તવિકતા સામે આવીને ઊભી રહી. પોતાની આર્થિક સ્થિતિ એવી નહોતી કે આ વધારાનો જીવ પોષાઇ શકે. એટલે 'મંગલ જીવન ટ્રસ્ટ'તેમની વહારે આવ્યું અને બાળકના ઉછેરની જવાબદારી પોતાને શિરે લઇ લીધી. આ રીતે પ્રારંભ થયો 'કલરવ'નો આ બાળક અજય 'કલરવ'નો સૌપ્રથમ આગંતુક બની રહ્યો. આજે તે મોટો થઇને સંપૂર્ણ પરિવારની હૂંફ વચ્ચે ઊછરી રહ્યો છે.

'કલરવ'માં ઊછરી રહેલાં અન્ય બાળકોની કહેણીમાં તરછોડાયેલાપણાનો ભાવ સમાન છે. આવાં કુલ બાવીસ બાળકો અહીં ઊછરી રહ્યાં છે. બે બહેનો અહીં એવી છે કે જેમના પિતાજી ગુજરી ગયા. તેઓની માએ આપઘાત કર્યો અને બંને બહેનો એકલી પડી ગઇ. તેમને પણ સંસ્થાએ અપનાવી. આ તમામ બાળકો નજીકના ગંગાલાસણ ગામમાં આવેલી શાળામાં અભ્યાસ માટે જાય છે. ડૉ. યોગી કહે છે, 'આ બાળકોને અમારે એવાં નાગરિક બનાવવાં છે કે તેઓ ગૌરવભેર સમાજમાં રહી શકે અને ખુમારીભેર કહી શકે કે પોતે 'મંગલમ્'ના છે.' સગાંવહાલાં કે કુટુંબીઓથી વંચિત આવાં બાળકોને સ્નેહ અને વાત્સલ્ય મળી રહે એ જરૂરી છે. તો સામે પક્ષે એવા અનેક વૃદ્ધો છે, જેમને જરૂર છે હૂંફ અને પ્રેમની. તેમના માટે 'જીવનસંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું છે, આમ, બાળકોને દાદા-દાદીને સ્નેહ મળી રહે અને વૃદ્ધોના વાત્સલ્યભાવની આપૂર્તિ આ બાળકોના સહવાસ થકી થાય એવી અનોખી ગોઠવણ 'મંગલજીવન'માં કરવામાં આવી છે.

અનેક શુભેચ્છકો અને મિત્રો એક યા બીજી રીતે આ 'મંગલજીવન' ટ્રસ્ટને સહાયભૂત થવાનો પ્રયત્ન કરે છે. કોઇને કોઇ પ્રસંગની ઉજવણીનું આયોજન આ રળિયામણા સંકુલમાં કરીને પોતાના મિત્રોની જાણમાં તેઓ આ સંસ્થાની પ્રવૃત્તિઓ લાવે છે. આ વ્યવસ્થા બહુ અસરકારક પુરવાર થઇ રહી છે.

અન્ય અનેક પ્રવૃત્તિઓ પણ અહીં હાથ ધરવામાં આવી છે. બાગાયતી ખેતી, આયુર્વેદિક ઔષધિઓનું વાવેતર, પશુસંવર્ધન, વર્મીકલ્ચર જેવા અનેક પ્રોજેક્ટ તો અમલમાં મુકાઇ ગયા છે. અને દિનબદિન તે વિકસી રહ્યા છે, પણ સંસ્થાનું મુખ્ય લક્ષ બને તેટલું જલ્દી આર્થિક ધોરણે સ્વનિર્ભર થવાનું છે. કેમ કે અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ કરવાનું તેનું આયોજન છે. આ અગાઉ વનવિભાગની સહાયથી અહીં એક મેડિકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના પરથી ખ્યાલ આવ્યો કે આ વિસ્તાર તબીબી સુવિધાઓ બાબતે પણ ખૂબ જ પછાત છે. આથી બેએક મહિને જો આવો કેમ્પ યોજાય તો અનેક ગરીબ લોકોને તબીબી સારવારનો લાભ મળી રહે.

અહીં 'માનો ખોળો' અને 'પ્રકૃતિનો ખોળો' એમ બે મુખ્ય વિભાજન હેઠળ પ્રવૃત્તિઓનું વિભાજન કરવામાં આવ્યું છે. 'પ્રકૃતિનો ખોળો' અંતર્ગત ઔષધિ બાગ, સજીવ ખેતી, કુદરતી ઉપચાર કેન્દ્ર, મધમાખી સંવર્ધન, તરૂ સંવર્ધન, નર્સરી, પશુસંવર્ધન, ગોબર ગૅસ તથા સૌર-ઉર્જા, જળસંચય જેમાં ચેક ડેમ તથા ખેતતલાવડીનો સમાવેશ થાય છે. તેમજ વનકુટિર જેવા પ્રકલ્પો કાર્યરત થઇ રહ્યા છે. તો 'માનો ખોળો' અંતર્ગત નિઃસહાય બાળકો માટેનો અનાથાશ્રમ તેમજ એવા જ વૃદ્ધો માટેનો વૃદ્ધાશ્રમ, વિકલાંગો માટે સ્વરોજગારની તાલીમ, યોગ તેમજ હેલ્થ સેન્ટર, વાનપ્રસ્થ આશ્રમ ઉપરાંત શિબિર, લાયબ્રેરી, કૉન્ફરન્સ, સત્સંગ માટે એવું આયોજન કે જેથી વધુ ને વધુ લોકો અહીં આવતાં થાય અને સંસ્થાનું કાર્ય પોતાની નજરે નિહાળતા થાય.

'મંગલજીવન ટ્રસ્ટ' સેદ્રાણા,પાટણ જિલ્લાના સિદ્ધપુર પાસે કાકોશી રોડ ઉપર જ છે. એનો પીન કોડ ૩૮૪૧૫૧ છે. ફોન : +91 7670292493, મો.: +91 9375844368 ઇમેલ : drdevyogi@gmail.com

આ સંસ્થામાં કેન્દ્રવર્તી વિચાર જ વાત્સલ્યનો છે, પણ તેની સાથે સાથે સ્વનિર્ભર બનવા તરફની બીજી અનેક પ્રવૃત્તિઓ અહીં થઇ રહી છે. માત્ર એટલું ઉમેરવાનું કે આ લેખ વિશેષ તો એના લાભાર્થીઓ માટે છે. જે લોકો એનો લાભ લેવા માગતા હોય તેવા લોકોએ કુરિયર દ્વારા પત્ર અને માહિતી મોકલવા સેદ્રાણા સુધી ટપાલ જલ્દી પહોંચતી ન હોવાથી ટપાલ 'મંગલજીવન ટ્રસ્ટ, કેર ઑફ મારૂતિ કુરીઅર, સિદ્ધપુર-૩૮૪૧૫૧'ના સરનામે મોકલી શકાય.

– **રજનીકુમાર પંડ્યા,** અમદાવાદ, મો. 95580 62711

– **'કુમાર'** માંથી સાભાર (સંકલન : ટી. એમ. ગોસર)

# Shree Samast KDO Jain Mahajan

## 'Sanjivani'… Blessing for KDOs

KDO Medical Committee is conceived few months before the Fourth Sammelan at Naliya in Dec-2018 with the aim to Support the community on various Health Aspects from Awareness, Treatments to Preventive aspect of it.

Medical Committee is on its toes from the day it is commissioned. Noteworthy activities can be Community Medical Doctor's Directory listing more than 250 community doctors, Creation of 90 Swasth Mitra Team with the help of Local Mahajans, Tie-ups with various Hospitals / Healthcare Services. Organised One Full Day National Conference for Team of Swasth Mitra at Mumbai on 13th April 19 & recent month long activities on Heart Health on account of World Heart Day 29th Sept.

After lot of Brain Storming, First Time in the History of KDO Community, Web Based Crowdfunding App was launched on April 14th, 2019 called 'SANJIVANI', a brain child of our Secretary General, Shri Nishithbhai Dand. Idea is to raise funds for our under privileged community brothers and sisters for their emergency medical treatments.

**Sanjivani Criteria for Case Selection:**

- Family Income Below Rs. 20,000/- per month
- No Insurance
- No direct collection of funds by family
- Admission in General Ward
- Approval from Local Mahajan
- Submission of all the required documents
- Review by Samast Medical Panel ( Need based)
- Final Review by Medical Committee to proceed.

So far 11 cases are handled and Sanjivani has raised more than 22 Lacs on this platform which is a record in itself. It shows the strength of the scheme and commitment of community members. Our Heartfelt Thanks to all our Individual donors & donor Organisations for supporting us so well.

During handling of first few cases, it was observed that case details reach the committee either when patient gets admitted or funds are exhausted. Committee tries its best to process the request fast (collection of case details, Mahajan Approval, Loading of Case on Sanjivani App, Advertise for Donation and Circulation on media ) but collection of funds take away some critical time.

To avoid the same and with the aim to provide support on Time, On 17th July 2019, 'Sanjivani Patron Scheme' was launched so Donors can register themselves in advance and once the case is live, donations can be arranged very fast. Mahajans, Community Corporates, Individual donors can be Lifetime, Diamond, Platinum, Gold or Silver patron based on Amount given as donation.

Heartfelt thanks to Our Management Trustee Shri Kirtibhai D. Dharamshi and all others trustees who are extending great support in creating awareness about Medical Committee Activities and Sanjivani Patron Scheme in the community. Our deepest gratitude to Our Visionary Leader, Our Secretary General, Shri Nishithbhai Dand for his Vision for the progress of community, Commitment & Rock Solid Support at every step!

So far we have registered more than 45 Sanjivani Patrons and many more in process of registration. All the donors are listed on Donor Wall on Samast Mahajan website www.kdosm.org

We are thankful to Dakshin Bharat KDO Jain Ekkam, Shri Narshi Natha Medical Trust-Mumbai Mahajan, Shri KDO Jain Gnati Mahajan, Bangalore & Shri KDO Jain Gnati Mahajan, Hyderabad and all the Individuals for their Generosity, Trust in us and Commitment they have shown towards our community by registering as our Patrons.

Our Special Thanks goes to Shri KDO Jain Gnati Mahajan, Coimbatore for helping us facilitate Sanjivani Patron Scheme.

We urge all other Mahajans, able community members and KDO corporates to come forward and support in this noble initiative so that no community member gets deprived of Treatment and Care they deserve during emergency just as we expect for our family members.

### SAMAST Medical Committee - Office Bearers & All other Team Members…..

**Mr. Rajendra Manilal Khona,** Convenor

**Ms. Manisha Chetan Shah (Poladia),** Chairperson

**Dr. Dharini Ashiq Nagda,** Vice Chairperson

**Mr Bharat Mulji Meisheri,** Treasurer

**Mr Ramesh Meghji Mota,** Secretary

**Mrs. Jayshree Dand,** Convenor Blood & Organ Donation

**Dr. Harish Lapsia,** Paediatrics & wellness

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન

## વૈદકીય જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે આશિર્વાદરૂપ 'સંજીવની' યોજના

ડીસેમ્બર ૨૦૧૮માં નલીયા મધ્યે ચતુર્થ સંમેલન યોજાયું તે પેહલાં જ જ્ઞાતિજનોના સ્વાસ્થ્ય વિષયે સભાનતા, ઉપચાર અને કાળજી બાબત યંત્રણા ઉભી કરવા સમસ્ત મહાજનની મેડીકલ સમિતિની રચના કરવામાં આવી હતી.

શરૂઆતથી જ મેડીકલ સમિતિ આ બાબતે કાર્યાત્વિત રહી છે. ચતુર્થ સંમેલન પ્રસંગે જ્ઞાતિના ડોક્ટરોની ડિરેક્ટરી બહાર પાડી અને તે બાદ બધા શહેરોની વસતી અને ક્ષેત્ર અનુસાર મેડીકલ સમિતિનું વિસ્તરણ કરાયું. પોતાના મહાજનના કાર્યક્ષેત્રમાં સ્વાસ્થ્યક્ષેત્રે સેવા આપવા 'સ્વાસ્થ્ય મિત્ર' યોજના હેઠળ જ્ઞાતિના કાર્યકરોનું ખાસ સંગઠન ઉભું કરાયું. તે સાથે જ્ઞાતિમાં સ્વાસ્થ્ય સેવા આપવા માટેના તંત્રનું આયોજન ચાલુ જ હતું. ૧૩ એપ્રિલ ૨૦૧૯ના મુંબઈમાં પ્રથમવાર સ્વાસ્થ્ય મિત્ર નેશનલ કોન્ફરન્સ યોજીને દેશના જુદા જુદા ગામેથી પધારેલા ૮૦ સ્વાસ્થ્ય મિત્રોને વિવિધક્ષેત્રે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હમણાં આખા ઓક્ટોબર મહિનોમાં દેશના જુદા જુદા શહેરોમાં સ્વાસ્થ્ય મિત્રોએ 'વલ્ડ હાર્ટ ડે' ના અનુસંધાનમાં વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા.

ઘણી વિચારણાઓ અને ટેકનિકલ પ્રક્રિયા બાદ જ્ઞાતિમાં પ્રથમવાર વેબ આધારિત 'ક્રાઉડ ફંડિંગ' યોજના 'સંજીવની' નું ઉદ્‌ઘાટન એપ્રિલ ૧૪, ૨૦૧૯ના માટુંગા મધ્યે યોજાયેલ 'મહાજન જો મેડાવો' કાર્યક્રમમાં કરવામાં આવ્યું. સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડની દરેક ક્ષેત્રે જ્ઞાતિઉત્થાનની વિચારસરણીની આ દેન છે કે જેથી જરૂરિયાત મંદ જ્ઞાતિજનોને સારવાર માટે ફંડ ભેગું કરી શકાય.

**સંજીવની યોજનામાં લાભ લેવા માટેના નિયમ :**

- કુટુંબની માસિક આવક રૂા. ૨૦૦૦૦/- થી વધુ ન હોય. મેડીકલ વીમો ન હોય.
- કુટુંબ દ્વારા અંગત રીતે ફંડ ભેગા ન કરાય. જ્ઞાતિજનની અરજી ગામના મહાજન પ્રમાણીત હોય.
- હોસ્પિટલમાં જનરલ વોર્ડમાં દાખલ થયા હોય. દર્દીની હોસ્પિટલની સારવાર સમસ્ત મહાજનની મેડીકલ સમિતિની 'ડોક્ટર પેનલ' માન્ય કરે પછી મેડીકલ સમિતિના હોદેદારો જરૂરિયાત મુજબ જ્ઞાતિ સમક્ષ રજૂઆત કરીને ફંડ એકઠું કરશે.

આજ સુધી કુલ ૧૧ જ્ઞાતિજનોએ આ યોજનાનો લાભ લીધો છે જે માટે રૂા. ૨૨ લાખ 'સંજીવની' યોજના દ્વારા સખી/દિલાવર જ્ઞાતિજનોના અનુદાનથી ભેગા કરાયા છે. જે બદલ મેડીકલ સમિતિ સર્વેનો અભાર માને છે.

હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ કે પોતાની પાસેનું ફંડ વપરાઈ ગયા બાદ જ્ઞાતિજનો મેડીકલ સમિતિનો સંપર્ક કરે છે કે જેથી મેડીકલ સમિતિને સર્વે કાર્યવાહીઓ કરતા સમય લાગે છે અને ફંડ ઉભા કરવામાં મહત્વનો સમય નીકળી જાય છે. દર્દીને હોસ્પીટલમાં રજા મળવા સુધીમાં ફંડ ભેગું થતું નથી.

આ પરિસ્થિતિ નિવારવા અને સમયસર જ્ઞાતિજનોને સહાય કરી શકાય તે માટે ૧૭ જુલાઈ ૨૦૧૯ની સભામાં 'સંજીવની પેટર્ન સ્કીમ' ની જાહેરાત કરવામાં આવી. સુજ્ઞ જ્ઞાતિજનો/સખી દાતાઓ અગાઉથી પોતાની નામ રજીસ્ટર કરાવી લે અને દર્દી હોસ્પીટલમાં સારવાર હેઠળ હોય ત્યારે જ સહાયની રકમ જલ્દીથી ભેગી કરી પહોચાડી શકાય. મહાજનો, સંસ્થાઓ, મંડળો, ગ્રુપ કે જ્ઞાતિના વ્યવસાયિક સખી દાતાઓ ડાયમંડ, પ્લેટીનમ, ગોલ્ડ કે સિલ્વર પેટર્ન દાતા બની સહાયરૂપ થઇ શકે કે જેથી આ મદદની પ્રકિયા સમયસર પૂરી કરી શકાય.

સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ ખાસ કરીને શ્રી કીર્તિ ધરમશી અને ટ્રસ્ટી મહોદયોએ મેડીકલ સમિતિ એવમ 'સંજીવની પેટર્ન સ્કીમ'નો જ્ઞાતિમાં સારો પ્રચાર કરીને સપોર્ટ આપ્યો છે એ બદલ આભાર. જ્ઞાતિના વિચારશીલ યુવા અગ્રણી અને સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે જ્ઞાતિ ઉત્થાન માટેની આ યોજનાને દરેક તબક્કે માર્ગદર્શન આપીને અમને પ્રોત્સાહન આપીને કાર્યબધ્ધતામાં જોડી રાખ્યા છે તે બદલ તેમના ઋણી છીએ.

આજ સુધી ૪૫ પેટર્ન નોંધાયા છે અને હજી વધુ નોંધાવાની તૈયારીમાં છે. અમારો લક્ષ્યાંક ૫૦૦ નો છે. સર્વે સખી દાતાઓની વિગત સમસ્ત મહાજનની વેબસાઈટ **www.kdosm.org** પર 'ડોનર વોલ' માં આલેખાયેલ છે. સમસ્ત મહાજની કાર્યવાહીઓ, જાહેરાતો એવમ જ્ઞાતિની અન્ય માહિતીઓ માટે સમસ્ત મહાજની વેબસાઈટ પર સંપર્ક કરશોજી.

અમે દક્ષીણ ભારત ક.દઓ. જૈન એકમ, કચ્છ એકમ, શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, મુંબઈ મહાજન,બેંગ્લોર અને હૈદ્રાબાદના મહાજનો એવમ વ્યક્તિગત દાતાઓએ અમારામાં વિશ્વાસ મુકીને પેટર્ન યોજનામાં નામો નોંધાવીને મદદ કરી છે. જ્ઞાતિજનોને મદદ કરવાની આ ભાવના અને દિલેરીને બિરદાવીએ છીએ. આ જ્ઞાતિ ઉત્થાનના અભિયાનમાં અમને સામેથી મદદ કરીને આ યોજના કાર્યાન્વિત રહી શકે તે માટે અમે શ્રી કોઇમ્બતુર ક.દ.ઓ. જૈન મહાજનના ઋણી છીએ.

આપણું કોઈ પણ કુટુંબીજન મેડીકલ ઈમરજન્સીમાં યોગ્ય સારવાર મેળવી શકે તેવી વિચારસરણી કે કાર્યપધ્ધતિ વાળા આપણે મહાજનો, ઉદ્યોગગૃહો, સખી દાતાઓ આપણો જ્ઞાતિજન મેડીકલ સહાય સમયસર મેળવી શકે તે માટેની યંત્રણામાં જોડાઈને, જ્ઞાતિને શારીરિક સ્વસ્થ બનાવવા નિર્ધાર કરીએ એવી અપેક્ષા સાથે, અમારી યોજનામાં સહકાર આપવા વિનંતી છે.

## સમસ્ત મહાજન મેડીકલ સમિતિ - પદાધિકારીઓ અને ટીમ મેમ્બર્સ

**શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના** - કન્વીનર

**શ્રીમતી મનીષા ચેતન શાહ (પોલડીયા)** - ચેરમેન

**શ્રીમતી ડો. ધારીણી આશિક નાગડા** - વા. ચેરમેન

**શ્રી રમેશ (કુંવરજી) મેઘજી મોતા** - સેક્રેટરી

**શ્રી ભરત મુલજી મૈશેરી** - કોષાધ્યક્ષ

**શ્રીમતી જયશ્રી કાંતિલાલ દંડ** - કન્વીનર, બ્લડ એન્ડ ઓર્ગન ડોનેશન

**શ્રી ડો. હરીશ શામજી લાપશીયા** - બાળરોગ અને વેલનેસ

# શ્રી મહિલા હિતવર્ધક મંડળ – હુબલી
## ''યશકલગીમાં એક પીંછુ ઓર.....''




મુંબઈ સિવાય બહારગામનાં મોટાં ભાગના શહેર/ગામમાં KDO જ્ઞાતિજનની વસતી ઘરેઘરે ઓછી થતી જાય છે. છતાંયે શિક્ષણ, ધંધાકીય કે અન્ય આવકનાં સાધનને લીધે ઠેકઠેકાણ અમુક ગામ/શહેરમાં સારી વસતી રહેલ છે. ક્યાંક વધારો પણ થયેલ જણાય છે. જ્યાં જ્યાં વસતી સારી છે ત્યાં યુવાધન/સ્ત્રીધન પણ સારું જ છે ને એવા ગામોમાં યુવા મંડળ/મહિલા મંડળ પણ લગભગ જ્ઞાતિહિતના કાર્યમાં સારો જેવો ફાળો આપે જ છે.

હુબલીના શ્રી મહિલા હિતવર્ધક મંડળની સ્થાપના તો ૧૯૭૫-૭૬માં થઈ કાળક્રમે હોશિંલા કાર્યકરોને વડીલોની દૂરંદેશીને લીધે દિન પ્રતિદિન સારી પ્રગતિ પણ થઈ જ છે. નવી નવી ટીમ ૩-૫ વર્ષ માટે ચૂંટાય છે, તો દરેક મહિલા વર્ગ તેમના જમાનાને અનુસાર નવી વિચાર સરણી ધરાવે છે. ''સબકા સાથ, સબકા વિકાસ''ને અનુરૂપ વિવિધ કાર્યક્રમોને લીધે મહિલા વર્ગને, તથા તે લોકલ મહાજનને તેમનાં સારા ફળ (પરિણામ) મળ્યાં છે. ૧૯૯૫માં આ મંડળે દૈનિક વપરાશની ચીજવસ્તુઓ જેવી કે મીઠાઈ, પકવાન, ફરસાણને ખાખરા જેવી લગભગ ૭૫-૧૦૦ વિવિધ આઈટમ તેમના ''ગૃહઉદ્યોગ કેન્દ્ર''માં બનાવવાનું ચાલુ કરેલ છે. જ્ઞાતિની ને ઈતર જ્ઞાતિની મહિલાઓએ પોતાના ઘરગથ્થુ હથોહીવાળો કસબ અજમાવીને ક.દ.ઓ. જ્ઞાતિજન, ગુજરાતી/મારવાડી કુટુંબોમાં છેલ્લા ૨૦-૨૨ વર્ષથી ''ગૃહઉદ્યોગ કેન્દ્ર''નું નામ ઘેર ઘેર જાણીતું કર્યું છે.

આ વ્યવસાયમાં જ્ઞાતિને ઈતર જ્ઞાતિની લગભગ ૨૦-૨૫ મહિલાના સાથ ને સહકારથી સારૂં નામ કમાવેલ છે. મહિલાઓના કુટુંબને પણ વધારાની સ્વાભિમાની આવકનો મોટો ઓથ (આધાર) મળેલ છે.

ગૃહઉદ્યોગની પ્રવૃત્તિઓ ખૂબ સારી રીતે ફાલી ફલી રહેલ છે. બહારગામથી કામધંધા અથવા લગ્ન પ્રસંગે પધારનાર કોઈ પણ જ્ઞાતિજન (મહિલા કે પુરૂષવર્ગ) આ મંડળની અચૂક મુલાકાત લે છે ને પ્રગતિ નિહાળી આનંદ ને સંતોષ અનુભવે છે. મુંબઈ મહાજન હસ્તક ગૃહઉદ્યોગ કેન્દ્ર પછી મારા અનુભવે અત્રેના મંડળની પ્રવૃત્તિઓ/પ્રગતિ જરૂરથી બીજા નંબરનું સ્થાન લઈ શકે છે. મંડળને પોતાનું મોકાનું સ્થાન, કચ્છી હાઉસ A+B ના વચ્ચે જે.સી. નગરમાં કેન્દ્ર છે.

### ''ખારીમાની''

તાજેતરમાં મંડળ/ગૃહઉદ્યોગ કેન્દ્રની કાર્યકારિણી સમિતિ (Managing Comittee)ના સદસ્યો વચ્ચે વિચાર વિમર્શ થતાં એક નવો જ્ઞાતિ ઉપયોગી વિચાર સ્ફૂર્યો, જે હુબલીમાં જ્ઞાતિજનનાં અવસાન વખતે તેમને ત્યાં આવનાર ગામ કે પરગામનાં મહેમાન માટે ''ખારી માની'ની વ્યવસ્થા કરીએ તો?

આ વિચારને ટીમનાં અન્ય સદસ્યોએ પણ અપનાવી લીધો. તેમની પાસે રસોડાને લગતો સર્વે સામાન ને વાસણ, મરી મસાલા વગેરે છે જ. તો આ ''ખારી માની'' બનાવીને એ કુટુંબીજનોને પહોંચાડવામાં કોઈ ખાસ તકલીફ પણ નહિં પડે. કેટલી વ્યક્તિઓ માટે આ ''ખારી માની''ની જરૂર પડશે, તે જ માત્ર, તે તે કુટુંબીજનોએ જણાવવાનું છે ને તે બધી સામગ્રી તે કુટુંબીજનોને સમયસર પહોંચતી પણ કરાય છે જેથી આવા કપરા સમયમાં તેમને સહારો (સધિયારો) પણ આપી શકાય ને આ વસમું ટાણું સારી રીતે સચવાઈ શકે.

મે મહિના બાદ તાજેતરના ૨-૩ મહિનામાં હુબલીમાં ૪-૫ જ્ઞાતિજનનાં અવસાન થયાં છે. એ વખતે આ પરિસ્થિતિને અનુકૂળ આ મંડળે ઉપરોક્ત ''ખારી માની''ની સંપૂર્ણ વ્યવસ્થા (કોઈ પણ ચાર્જ વગર) બહુજ સુચારૂ રૂપે પાર પાડેલ છે.

ભારતમાં જ્યાં પણ જ્ઞાતિની સારી વસ્તીવાળા ગામ છે ત્યાં યુવા મંડળ/મહિલા મંડળ પણ સારી પ્રવૃત્તિ કરતાં જ હશે. સમયને અનુરૂપ શક્ય હોય તો અન્ય ગામનાં મહિલા મંડળ પણ આ પ્રવૃતિ અપનાવી શકે છે ને તે – તે કુટુંબીજનોને સારી હૈયાધારણ આપી શકે છે. મોટા મોટાં ગામમાં પણ ઘણા જ કુટુંબો હજી પણ Community Society /વર્ગમાં રહેતાં નથી ને અમુક કુટુંબો અલિપ્ત રહે છે. ભવિષ્યમાં આવનારી પરિસ્થિતિને અનુરૂપ આ સેવા ઘણી જ ઉપયોગી નીવડી શકે, એ આપણા સૌનો અનુભવ છે. હુબલી મહિલા હિતવર્ધકના કાર્યકારિણી સમિતિના સદસ્યો, જેઓ એ આ વિચાર ધારાને મૂર્ત સ્વરૂપ આપેલ છે તેઓ છે – ૧) પૂર્ણિમા દીપક વિકમશી (વરાડીયા), ૨) ગીતા વિરેન્દ્ર છેડા (પત્રી), ૩) રીટા કેતન મહેશ્વરી (સાંયરા), ૪) હંસા ભરત ધરમશી.

એમની આ પ્રવૃતિને જોઈને તો ઝૂકી જ જવાયને!

જય જ્ઞાતિ મૈયા !!

– **પદમકુમાર ધનજી નાગડા** (હુબલી), 86607 82086

## શ્રી મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીઓ




પ્રકાશ સમીક્ષાના છેલ્લા બે અંકોમાં શ્રી મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટની કામગિરી અને તા. ૨૨-૧૨-૨૦૧૯ના યોજવામાં આવી રહેલી ચુંટણીઓની ચર્ચા કરતા લેખો પ્રસિધ્ધ થયા.

મુંબઈ મહાજનના ૪૪ સભ્યો અને ટ્રસ્ટના ૧૮ ટ્રસ્ટીઓને ચુંટવામાં આવશે. પ્રકાશ સમીક્ષાએ દરેક ઉમેદવારને પોતાની વિગતો અને ફોટા આપવાની વિનંતી કરી છે. એટલે જ્ઞાતિજનોને ઉમેદવારનો પરિચય મળે.

ઉમેદવારોએ જ્ઞાતિના પૂર્વજોએ જ્ઞાતિજનોના લાભ માટે ઉભી કરેલ મિલકતોનું રક્ષણ કરવા સાથે સાથે એનો ઉચિત લાભ દરેક જ્ઞાતિજનને મળે એનો ખાસ ખ્યાલ રાખવો પડશે.

જ્ઞાતિની મિલકતો સર્વ જ્ઞાતિજનોની મિલકત છે અને એનો લાભ સર્વ જ્ઞાતિજનો હક્ક પૂર્વક માણી શકે છે.

જ્ઞાતિના દિગ્ગજોએ નિસ્વાર્થ ભાવે ઉભી કરેલી સંસ્થાઓ જેવી કે વિદ્યાર્થીગૃહો, રહેવાસી સંકુલો, અરિહંત બેંક, વૈદ્યકીય સહાય સંસ્થાઓ, મહિલા સંચાલિત સંસ્થાઓ, ગૃહઉદ્યોગ સંસ્થા, જિનાલયો વગેરે જ્ઞાતિજનોના વિકાસમાં માતબર ફાળો આપ્યો છે એ વાત દરેક ઉમેદવારે નોંધી રાખવી અને આપણે પણ આ ભુલવું ન જોઈએ.

જ્યારે ઉમેદવારો આ બધી સંસ્થાઓ તરફ ધ્યાનથી જોશે ત્યારેજ તેમને જ્ઞાતિની ગરિમાનો ખ્યાલ આવશે અને નિસ્વાર્થ ભાવે જ્ઞાતિની સેવા કરી શકશે.

આ ચુંટણીમાં દરેક ઉમેદવારે ફક્ત જ્ઞાતિલક્ષી બાબતોનો જ પ્રચાર કરવો જોઈએ, નહિં કે જેમ પાછલી ચુંટણીઓની જેમ અન્ય ઉમેદાવારોના અંગત જીવન અથવા બાબતો વિશે અણછાજતું લખાણ ફરફરિયા દ્વારા જ્ઞાતિમાં ફેલાવવામાં આવે. દરેક ઉમેદવારોને જ્ઞાતિલક્ષી બાબતોની બરાબર ખબર હોવી જોઈએ, મહાજન અને ટ્રસ્ટની આવક જાવકનો અંદાજ હોવો જોઈએ અને આ બાબતો તેમણે જરૂરી દસ્તાવેજો વાંચીને અને પ્રત્યક્ષ રૂપે જોઈને જાણવી જોઈએ. જ્ઞાતિને વાયદા કરવાનો તથા ચુંટણીના દિવસે મતદાન કેન્દ્રની બહાર ઉભા રહીને કોઈપણ તરીકાઓ અપનાવીને પોતાને જ મત મળે એવો ઉમેદવારો એ જરાપણ પ્રયત્ન ન કરવો જોઈએ.

જે પણ જ્ઞાતિજન મહાજન પ્રમુખ બનવા ઈચ્છતો હશે એ પોતાનાજ ઉમેદવારોનું જુથ બનાવશે પણ આશા રાખીએ છીએ કે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોનો ગ્રુપમાં સમાવેશ કરવામાં આવશે જેથી કરીને જ્ઞાતિના પૂર્વજોએ સ્થાપેલી માલમિલકતોનો વહિવટ યોગ્ય રીતે થાય અને જ્ઞાતિના હિતોનું પણ રક્ષણ થાય.

**– ઉદયન લાલજી શાહ**

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## ગિરનાર પ્રવેશ

ગિરનારની ગોદમાં, નેમનાથ દાદના ચરણોમાં ૫૦ દિવસ આરાધના કરવાનો અમને પણ લાભ મળ્યો. સંતોનો સંગ મળવું એ ખૂબ પુણ્યનો ઉદય હોય તોજ શક્ય બને છે. અમને તો પ.પુ. તપસ્વી આચાર્ય મ.સા. નું સાનિધ્ય પણ પુણ્યના ઉદયે મળવું. ખૂબજ સુંદર આરાધના થઈ. પુ. આચાર્ય મહારાજ પોતે સવારના પહોરમાં અમને ગિરનારની આરાધના કરાવતા હતા. ૨૨ ખમાસણા પોતે સ્વયં પણ આપતા ન અમને પણ કરાવતા હતા. રોજ સવારના એમના મુખેથી લગભગ ૨૦ મીનીટ નું પ્રવચન પણ સાંભળવા મળતું અને એ પ્રવચન અમને દિવસ ભરના ટોનીકનું કામ કરતું હતું. બપારેના રોજ પુ. કલ્પતરૂ મ.સા.ની વ્યાખ્યાન પાણી જાણે ગંગા સરસ્વતી વહી રહી છે. આ તો જેણે જાણ્યું એણે માળ્યું બધાજ વ્યવસ્થાપક સમિતી ની પણ ખૂબજ અનુમોદના .

**– રસ્મી બુધ્ધીધન મોમાયા,** તિરૂપુર

## સ્વ. પૂ. દાદી કમલબાઈજી ૧૨૭મી જન્મ જ્યંતિ

મિણીયા મિઠ્ઠા દાદીમા ઈનીજેળો બ્યો કોય મિઠ્ઠો નાંય
મિણીયા મિઠ્ઠી માજી મીઠ્ઠી જાુકો ભુલઈ ન ભુલાય
દાદી માજો ખોરો ખુંદેલા, અસાંજે મન ભાય
માજો ખોરો મિણીયા વડો, મિણીકે ગિને સમાય
સવારજે શીરાણમેં દાદીમા માનીતેં લગાય ખારાંઈયેં મખ્ખણ
આંઉ સતે વરેંજો હો તેર નિશાળ છોટે તેર મુંકે કોઠી અચેં કરેને ઓખણ
ભાભ ભા ભેણે મિણીકે સરખે ભાગે ડીંયે વેરાય
કડેન કરીંયેં ભેદભાવ મિણીલા સમભાવ રખેંતાય
આઝાદીજી ચડવડ લા મા ગાંધીજી કે સોન ડીના ભેટ
કેતરી ઉંચી દેશ ભાવના જે રખ્યાં ઠેઠો ઠેઠ
અસાંજે ચમ મીંજાથી જોડા સે ભાઈઆંકે પેરાઈયું મા
ત પણ આંજે ૠણ મીંજા છૂટી ન તા સગો મા
મા અંઈ જેડાં હો તેડાં આંકે મિલે સુખ શાતા ને માન
અંઈ અસાંકે રખ્યાં તેં કરતાં આંકે વધુ વિશેષ રખે ભગવાન...

**– રશ્મિન ખોના (તેરા/ઘાટકોપર)**

## આરોગ્ય પ્રકાશ : ચાલો સહેલાઈથી આરોગ્ય જાળવીએ..... (૨)

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 8369077978 / 9757086811

આજકાલ કાચા શાકભાજી ખાવાનો (Fire-less ખોરાક) ટ્રેન્ડ શરૂ થયો છે. આર્યુવેદ પ્રમાણે ઘણા શાક આરોગ્ય માટે સારા નથી. એમાંના વધુ પડતા ફાયબર-રેષા પચતા નથી, ગેસ કરે, મળ વધારે. પશ્ચિમના દેશોમાં બ્રેડ, ઝંક ફૂડ, ફાયબર વગરની ચીજો જ ખવાય છે. તેલ, સાકાર, ઠંડા પીણાનો ઉપયોગ વધુ કરે છે તેથી આવા લોકોને જાડાપણું, હાઇ બી.પી., હૃદયરોગ, કોલેસ્ટ્રોલ, કેન્સર જેવી બિમારી લાગુ પડી છે એટલે એમને શાકભાજી, ફળો અને આખા અનાજનું મહત્વ સમજાયું એટલે જ તેઓ તેનો પ્રચાર કરવા લાગ્યા છે. આપણ રોજના ખોરાક રોટલી, દાળ, ભાત, શાક, ફળો વગેરેમાં ફાયબર પૂરતા પ્રમાણમાં મળી રહે છે. હા, જે લોકો પશ્ચિમના લોકોની જેમ એવી જ ચીજો ખાતા હોય કે બેઠાળુ જીવનને લીધે પચાવતા ન હોય તેમની વાત જુદી છે. શાકભાજી ખાવા માટેની રીત બાફીને સુપ બનાવી લેવાની છે. શાકભાજીને કાપતાં, રાંધતા, સાંતળતાં, હલાવતાં, તેના મોટા ભાગના સત્વો નાશ પામે છે. કોબી ફ્લાવર, રીંગણા, ભીંડા, ટમેટા, બીટ જેવા જે પણ શાકભાજી હોય તેને બહુ ઝીણા ન સમારતા મોટા કટકા જ કરી કુકરમાં બાફી તેમાં ૪ મરી, સિંધવ મીઠું (સહેજ) ગોળ (ડાયાબીટીઝ ના દર્દી માટે ગોળ નહીં વાપરવું) અને ઘઉંના દાણા જેટલો ખાવાનો ચૂનો ઉમેરી મિક્સરમાં ફેરવી, પ્રવાહી બનાવી ઉપયોગમાં લેવું. અશક્ત અને બિમાર વ્યક્તિ માટે ખૂબ ફાયદાકારી. ફળો ખાલી પેટે ખાવા તે અર્ધા કલાકમાં જ પચી જાય એટલે ફળ ખાધા પછી અર્ધા કલાકમાં જમી શકાય. ફળો ઋતુ પ્રમાણે અને સ્થાનિક જે મળતાં હોય (Seasonal & Regional) તે જ ખાવા. જે ફળની સીઝન નથી કે જે અહીં પાકતાં નથી એ કોલ્ડ સ્ટોરેજમાં મૂકાયેલ હોય છે જેને કોલ્ડ સ્ટોરેજમાંથી બહાર કાઢતાં સત્વ ઘણા ઓછા થાય છે અને જલ્દી સડવા માંડે છે. આવા ફળો ખાવાનો ફાયદો ઓછો.

રોજ લીંબુનો ઉપયોગ કરો. રોજના ૪ આખા અખરોટ, પાંચ બદામ લ્યો. ઑમેગા-૩ ફેટી એસિડ મળશે જે હૃદય અને સાંધાને તંદુરસ્ત રાખશે. અન્ય ડ્રાયફ્રુટ પણ લઇ શકો જેના અલગ અલગ ફાયદા છે. ડ્રાયફ્રુટ આપણને મોંઘા જણાય છે પણ પ્રોટીનના પાવડર કે ટૉનીકના ભાવ સાથે સરખાવતાં ડ્રાયફ્રુટ ખાસ મોંઘા નથી. સૂંઠ, હળદર, તજપાવડર રોજ એક ચમચી લ્યો. સહેજ શેકેલી અળસી ચાર ચમચી રોજ લ્યો (ઓમેગા-૩ ફેટી એસિડ મળશે) અદરખ, જેષ્ટીમધ, મેથી, રાજગરો અને શિવામ્બુ (પોતાનો પેશાબ)માં કુદરતી સ્ટેરોઇડ છે. કુદરતી સ્ટેરોઇડ દુઃખાવો ઘટાડે, આરોગ્યને ફાયદો કરે તેથી આ વસ્તુઓનો ઉપયોગ કરો. સવારે ખાલી પેટે ૨ થી ૪ ગ્લાસ હુંફાળું પાણી પીઓ. નાસ્તા અને જમ્યા પછી એક કલાક બાદ ૧ ગ્લાસ પાણી લ્યો. રોજ ૫ થી ૧૦ ગ્લાસ પાણી પોતાના વજન અને જરૂરિયાત મુજબ લ્યો. ખાધા પછી તરતજ પાણી પીવું નુકશાનકારક છે ખાસ કરી ઠંડુ પાણી, ઠંડા પીણાં, આઇસક્રીમ નુકશાનકારક છે.

ગૃહિણીઓ ખાસ ધ્યાન આપે કે ઘરના બધાનું ધ્યાન રાખવામાં, જરૂરિયાત પૂરી પાડવામાં પોતાના ખાવા-પીવાના સમય અને પોતાના આરોગ્યનું ધ્યાન રાખી નથી શકતી તો બની શકે તેટલું નાસ્તા અને જમણ સમયસર કરે, નાસ્તામાં વિલંબ જ થતો હોય તો એક ગ્લાસ દૂધ પી લે કે જમવાને ખૂબ વિલંબ થતો હોય તો સૂપ પી લે. ફણગાવેલા કઠોળ મૂઠ્ઠીભર ખાવા તે પણ ખૂબજ શક્તિદાયક છે. પોતાના ખાવા-પીવામાં ધ્યાન આપી પોતાનું આરોગ્ય જાળવે. ગૃહિણીનું આરોગ્ય સારૂં હશે તોજ આખા કુટુંબની સારી સંભાળ લઇ શકે. ઘરના કામકાજમાં ઉઠ બેસ થતી જ હોય છે છતાં બપોરે કે સાંજે ખાલી પેટે હળવી કસરત, પ્રાણાયામ, કપાલભાતિ, ધ્યાન-મેડીટેશન અને પોતાની તકલીફ માટે ઉપયોગી તેવા આસન કરે. નિયમિત ચાલવું તે જરૂરી છે.

બાળકોને મેગી, બર્ગર, પીઝા, બ્રેડને બદલે ગોળપાપડી, ગોળ-તલના લાડુ, તલસાંકળી, બદામ નાખી શીરો, ઘરે બનાવેલ નાસ્તા, શુધ્ધ, કેમીકલ અને મેંદા વગરની કે પ્રીઝરવેટીવ વગરની વસ્તુઓ ખાવાની આદત પાડો. બાળકો દૂધ ન પીતા હોય તો તેને સ્વાદિષ્ટ બનાવવા કે એના બૌદ્ધિક, શારીરિક વિકાસ માટે બજારૂ પ્રોડક્ટસ હોર્લિક્સ, બોર્નવિટા, કોમપ્લાન જેવા પાવડર તેમાં ઉમેરીએ છીએ. તેને બદલે ઘરે બનાવેલ પાવડર ઉમેરો-જેની રીત આ મુજબ છે. સૌ પ્રથમ ઘઉં ૧૦-૧૨ કલાક ભીંજવી પાણી કાઢી કપડામાં બાંધી ફણગા ફૂટવા ધ્યો. ત્યારબાદ તેને મંદ તાપે શેકી સારા કડક થવા ધ્યો (તાપ મંદ જ રાખવો) શીંગદાણા, બદામ, અખરોટ પણ મંદ તાપે શેકી ઠંડુ થતાં દરેક ને મિક્સરમાં પીસી ચાળી લ્યો. હવે તેમાં ઇલાયચી પાવડર કે કોકો પાવડર ઉમેરી-સ્વાદિષ્ટ બનાવો. ગરમ દૂધમાં મિક્સ કરી બાળકને (કે અશક્ત વ્યક્તિ)ને આ પાવડર ખૂબ શક્તિવર્ધક, સસ્તું અને કેમીકલ રહિત હોતા ખૂબ ફાયદાકારી છે.

આપણે સૌ કંદમૂળ ન ખાવા અને એકાસણા ઉપવાસ કરવા ને વધુ મહત્વ આપીએ અને જે મહત્વનું છે કે જીભપર મન પર કાબુ, ગુસ્સો, અસંતોષ, ઈર્ષ્યા, દેખાદેખી વગેરેનો ત્યાગને ખાસ મહત્વ નથી આપતાં તો સજાગ થઇએ અને ગુસ્સો, અસંતોષ, ઈર્ષ્યા, દેખાદેખીનો ત્યાગ કરીએ જેથી મન શાંત રહેશે અને તેનાથી ધર્મ અને આરોગ્ય બન્ને જળવાશે. એકાસણા-ઉપવાસના તપ દરમ્યાન આગળ પાછળ વધુ ખવાય અને તે પાચનતંત્ર ને ભારરૂપ બને છે તેથી દરેક તપસ્વીએ આગળ-પાછળ ખાવાનો વિવેક જાળવી આરોગ્ય ને સમતોલ રાખવું જરૂરી.

 જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ

સાંગલી નગરે અચલગચ્છ ભવને પ.પૂ. મહોદયશ્રીજી મ.સા.ના શિષ્ય પ.પૂ. યશોદયાશ્રીજી મ.સા.ના શિષ્ય પ.પૂ. હર્ષનીધિશ્રીજી મ.સા. તથા પ.પૂ. શ્રેયસ્કરાં મ.સા.ના નિશ્રામાં તા. ૬-૧૦-૨૦૧૯ના શ્રી શ્રુત દેવી સરસ્વતી પૂજન તથા સુપાર્શ્વનાથ આનંદ મેળો અને સુપાર્શ્વ સુપર માર્કેટનું આયોજન થયેલ જેમાં મુંબઈથી જ્ઞાતિપ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા ખાસ પધાર્યા હતા.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ - પાચોરા

પૂ. સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી સ્થાપિત ટ્રસ્ટ અને પૂ.સા.શ્રી જય દર્શિતાશ્રીજીના માર્ગદર્શન અને દાતાઓના સહકાર પ્રવૃતિ કરી રહ્યું છે. કાયમી તિથી : ૧) પલ્લવી વિરચંદ શાહ હ. વિરચંદભાઇ, નાંદેડ, ૨) અ.સૌ. નિસાબેન હિતેશભાઇ મોતા, વાલકેશ્વર, ૩) મહેન્દ્ર રાયચંદ નાગડા, વડોદરા હ. ખમ્માબેન મહેન્દ્ર નાગડા, ૪) લક્ષ્મીચંદ શામજી મૈશેરી હ. હરિશ લક્ષ્મીચંદ મૈશેરી, મુલુંડ, ૫) હિતેશભાઇ માણેકજી મોતા હ. નિસાબેન હિતેશભાઇ મોતા, ૬) ચાંદની મહેન્દ્ર નાગડા હ. ખમ્માબેન મહેન્દ્ર નાગડા, વડોદરા.

શનિવારનો નકરો : ૧) સ્વ. મેગજીભાઇ જીવરાજ લોડાયા પાચોરા હ. ચંદ્રકાંત મેગજી લોડાયા, ૨) તેજ કૃણાલ અનિલ મોતા હ. હંસાબેન અનિલ મોતા, અંધેરી, ૩) કૃણાલ અનિલ મોતા હ. લક્ષ્મી ચંદ્રકાંત લોડાયા, પાચોરા, ૪) સ્વ. કાન્તાબાઇ પ્રતાપ લોડાયા હ. ગીરીશ પ્રતાપ લોડાયા, પાચોરા, ૫) સ્વ. પ્રવીણ ખીમજી કુરીઆ હ. વિજય નેમીચંદ નાગડા, દહીસર, ૬) સ્વ. નેમીચંદ પદમશી નાગડા હ. વિજય નેમીચંદ નાગડા, દહીસર.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


### શ્રી કોચીન શ્વેતાબંર મુર્તિપૂજક જૈન સંઘ

શ્રી સંઘની તીવ્ર ઈચ્છાને ધ્યાનમાં રાખી શ્રી બાપજી સમુદાયના સાધ્વી ભગવંત પ.પૂ. સાધ્વીવર્યા શ્રી સંયમપૂર્ણાશ્રીજી મ.સા. આદી ઠાણા ત્રણ (૩)નું ચોમાસુ કોચીન સંઘના ભાગ્યમાં આવ્યું તેને વધાવી ને આનંદ થી માણ્યું. ગુરૂજીનાં મુખેથી શ્રી જિનવાણીનો સંદેશો ખુબજ રંગ લગાડી ગયો. સારી સંખ્યામાં તપ થયા, આયંબીલની આરાધના, શ્રી વીસ વિહાર માનની ઓળી અને શ્રી વર્ધમાન તપની ઓળી પણ સુંદર રીતે થઈ.

તા. ૧૨-૧૧-૨૦૧૯ના સવારના ૫.૩૦ કલાકે બન્ને સંઘના સર્વે ભાઈ-બહેનો દહેરાસરજીમાં સારી સંખ્યામાં હાજર થઈ ગયા. કારતકી પૂનમ અને ગુરૂ ભગવંતના ચાતુર્માસ પરિવર્તનની શોભાયાત્રા દેરાસરજીમાં ચૈત્યવંદન કરી બરાબર ૬.૦૦ કલાકે વાજતે ગાજતે પ્રયાણ કરેલ. પાલખીમાં બિરાજમાન પ્રભુજી અને ગુરૂજીનું બેડાથી અને અક્ષતથી વધાવીને સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ સૌએ સાથે મળીને ચૈત્યવંદન અને કાઉસગ ની વિધિ કરી.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોચીન

કારોબારી કમીટી વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨. પ્રેસીડેન્ટ - શ્રી વીરેન કલ્યાણજી ખોના, આઇપીપી - શ્રી કિશોર શામજી કુરૂવા (મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ કોચીન), ઉપપ્રમુખ - શ્રી હરીશ લખમશી દંડ, મંત્રી - શ્રી અતુલ નારાણજી ખોના, સહમંત્રી - શ્રી અરવિંદ જયંતિલાલ દંડ, ખજાનચી - શ્રી પરેશ નવીન ખોના, સહખજાનચી - શ્રી અમીત કિરણ મૈશેરી. કારોબારી કમિટી - શ્રીમતી રીટા નિતીન ખોના, શ્રીમતી રેખા અતુલ લોડાયા,


**Bring this coupon to get special Discount !**

Parag Motilal Dharamshi 7977180951

Swastik Optics

Frames I Sunglasses I Contact Lenses

Bldg No.1, Shop No.5A, Bellona, Near Ganesh Mandir, Pantnagar Circle, 90 FT Road, Ghatkopar (E), Mumbai - 400 075.

શ્રીમતી ઉષા કિશોર કુરૂવા, શ્રી અતુલ કલ્યાણજી લોડાયા, શ્રી હનીશ નિતીન ખોના. સ્પેશલ કમિટી મેમ્બર - શ્રી શૈલેશ લહેરચંદ લોડાયા (ટ્રસ્ટી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ કોચીન), શ્રી ધર્મેશ રમેશ નાગડા (ટ્રસ્ટી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ કોચીન), શ્રી મનીષ જવેરીલાલ લોડાયા (સહખજાનચી - શ્રી કોચીન ગુજરાતી મહાજન), શ્રી ભરત નવીન ખોના (એડવાઇઝર - શ્રી કોચીન ગુજરાતી મહાજન)

## કલીકટ સમાચાર

શ્રી બડગરા કલીકટ મહિલા મંચ અને યુથ ફોરમની રજત જયંતિ તા. ૩-૧૧-૨૦૧૯ ના ઉજવવામાં આવેલ. મહિલા મંચના ૧૮ મેમ્બર્સ છે અને નવી કમિટીમાં ૧) સુશીલા ભરત ખોના (પ્રેસીડેન્ટ), ૨) આશા અશોક ધરમશી (સેક્રેટરી), ૩) રમીલાબેન મોમાયા - બડગરા (ખજાનચી), ૪) દુલારી નરેશ ખોના (મેમ્બર), ૫) હીના કલ્પેશ લોડાયા (મેમ્બર) ચુંટાયા છે.

કાર્યક્રમની શરૂઆત શ્રી મહાકાલી માતાજીની ભાવનાથી કરવામાં આવી. ધુઘરા બનાવાની સ્પર્ધા રાખવામાં આવેલ એમાં પ્રથમ ઇનામ પૂર્વિમાં રમેશ મેહતા અને બીજું ઇનામ કંચના અભય પોલડીયા. અન્ય બધા ભાગ લેનારને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ.

વડીલો, મહિલાઓ, બાળકો ની વિવિધ રમતો, હાઉઝી રમાડવામાં આવેલ. લકી ડ્રા કાઢવામાં આવેલ. અને પુરસ્કાર આપવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન હીના કલ્પેશ લોડાયા, હેમાલી હીરાચંદ મોતા, ભાવિની હીરાચંદ મોતા, હીરલ મનીષ જૈન અને અન્ય સાથીઓએ કરેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ. અંતમાં સાંજના સાધર્મિક ભક્તિનો બધાએ લાભ લઇ રાજી ખુશીથી છુટા પડ્યા.

## ભિવંડી પાઠશાળાના વિદ્યાર્થીઓનો દક્ષિણ ભારત યાત્રા પ્રવાસ

ભિવંડી પાઠશાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ બેંગલોર, મૈસુર, ઉટી, કોઇમ્બતુર, તિરૂપુર, ક્રિષ્ણગીરી અને શુસીધામના યાત્રા પ્રવાસે ગયા હતા. તા. ૨-૧૧-૨૦૧૯ના તિરૂપુર સુવિધિનાથ જૈન દેરાસર આવ્યા પછી તેમની ચૌવિહારની વ્યવસ્થા શ્રી નયન દોઠિયા પરિવાર દ્વારા કરવામાં આવી હતી. પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા ભક્તિપૂર્ણ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો. ત્યારબાદ આરતી તથા બહુમાનનો કાર્યક્રમ યોજાયો હતો. સુવિધિનાથ દેરાસર તિરૂપુરના ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમની વ્યવસ્થા માટે રતિલાલ વેરશી નાગડા તથા સતીષ એચ. નાગડા સહયોગ આપ્યો હતો.

## મૈશેરી પરિવાર - શ્રી ચામુંડા માતાજી કોઠારા

શ્રી ચામુંડા માતાજીને નમતા મૈશેરી પરિવાર દ્વારા નૂતનમંદિરના ૧૦ વર્ષની ઉજવણી નિમિતે સમૂહ પહેડી તથા ધ્વજાનો ત્રિહાન્હિકા મહોત્સવ તા. ૦૯-૧૦-૧૧ નવેમ્બર ૨૦૧૯ ના રોજ કોઠારા મધ્યે ઉજવેલ. પ્રથમ દિવસે પ્રભુજીની ભક્તિ ભાવના, દ્વિતીય દિવસે પહેડીની સાથે ૫૬ ભોગનો પ્રસાદ, નામકરણ, છેડાછેડીના જુહાર, બપોરે મહાકાળી માતાજીની ભાવના, રાત્રે કચ્છી ઢોલના સથવારે રાસગરબા તથા તૃતીય દિવસે વાજતે ગાજતે શ્રી ચામુંડા માતાજીની ધ્વજા ચડાવવામાં આવેલ. ધ્વજા તથા સમૂહ પહેડીના મુખ્યદાતા પરિવાર એવા શેઠશ્રી માણેકજી પદમશી મૈશેરી હસ્તે માતુશ્રી જયાબેન રતિલાલ મૈશેરી પરિવાર, માંડવી હાલે મુલુંડ. સમસ્ત દેશ દેશાવર તથા મુંબઇથી આશરે ૧૦૦ જેટલા ભાવિકો પધારેલ.

કાર્યક્રમને સફળ બનાવવા પરિવારના સભ્યોએ સારી જહેમત ઉઠાવી હતી. સંચાલન તેમજ આભાર દર્શન જીગર ભદ્રિક મૈશેરીએ કર્યું.


**Exclusive Embroidery & Upto date Finishing**

Sachi Jari Mate Real Nam

જ્યોતિ

SILK SAREE EMPORIUM

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976



**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**
મુંબઈ કાર્યાલય : C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પ્લેક્સ,
રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

દલતુંગી મહાજનવાડીના ભોજનાલય માટે રસોઇ બનાવી શકે (ત્રણ ટાઇમ) એવા અનુભવી રસોયા ફેમીલીની (પતી-પત્ની) જરૂરીયાત છે. રહેવાની સગવડ કરી આપવામાં આવશે. મહાજનવાડીનો રોજબરોજનો કાર્યભાર તથા વ્યવહાર સંભાળવાનો રહેશે. યોગ્ય પગાર, અનુભવ સાથે ઉપરના સરનામે અરજી કરવા વિનંતી. કે.ડી.ઓ. ને પ્રથમ પસંદગી.

લી. **શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**
**પ્રવીણ જેઠાલાલ લાપસીયા - 98210 92767**

## સ્વસ્તિક નંદાવર્તના આકાર - પ્રકારમાં નવો ઈતિહાસ

સ્વસ્તિક નંદાવર્તના સૌથી પહેલી વાર નવા-નવા આકાર પ્રકાર તથા સુશોભન દ્વારા શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છનાં જૈન સાધ્વી જ્ઞાનભારતી ડૉ. ભવ્યાનંદશ્રી નાં શિષ્યા જ્ઞાનજ્યોતિ ડૉ. સંયમરસાશ્રી એ રખાંકન કલામાં એક નવો ઈતિહાસ રચ્યો છે. સાધ્વીજીએ પોતાની સુઝબુઝથી નંદાવર્તના પાંચ હજારથી પણ વધુ મૌલિક આકાર - સુભોભન તૈયાર કરીને એક વધુ બહુ પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. એમના નામે 'ભવ્ય નંદાવર્ત' પુસ્તકની બે આવૃત્તિઓ છપાઇ ગઇ છે. જે બહુ લોકપ્રિય થઇ છે. જો કે નંદાવર્તનાં આકાર પ્રકાર અને સુશોભનનો આયામ અસીમ છે. પરંતુ પહેલી વાર અને કોઇ આલંબન વગર પોતાના મનથી મૌલિક આકાર પ્રકાર બનાવવા તે સાધ્વીશ્રીના કલા પ્રેમને દર્શાવે છે.

નંદાવર્તના નિયમનું પાલન કરવા સાથે અર્થાત નંદાવર્તના કેન્દ્રની સાથે જોડાયેલી રેખાઓને એના અંત સુધી અખંડ રાખી તેનાં વિભિન્ન આકારો બનાવવા એજ નંદાવર્તની સાચી કલા છે. જેમાં સાધ્વી ડૉ. સંયમરસાશ્રી સફળ રહ્યા છે. તેમણે નંદાવર્તનો જે કોઇ પણ આકાર કે સુશોભન રચ્યું છે તેમાં કેન્દ્રથી જોડાયેલી ચારે રેખાઓ ક્યાંય ટૂટેલી નથી. આ એમની સમાજને એક અનૂઠી દેન છે.

## સમસ્ત મહાજનની મહાસમિતિની આગામી બેઠક

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનની મહાસમિતિની સભા તા. ૨૪ નવેમ્બર ૨૦૧૯ના બપોરે ૪ કલાકે વીરજી લધાભાઇ વિદ્યાર્થી ગૃહ ઘાટકોપર (વેસ્ટ) મધ્યે મળશે. સભાની કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલ સભા તેજ સ્થળે, તેજ દિવસે મુકરર સમયથી એક કલાક બાદ મળશે. જેમાં કાર્ય સૂચીમાં જણાવ્યા સિવાય અન્ય કોઇ કામકાજ થઇ શકશે નહીં.

## કે.ડી.ઓ. જીવીસી સંઘ

કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર (જીવીસી) સંઘ દ્વારા તા. ૧૧-૧-૨૦૨૦ના કોઇપણ વિસ્તારમાં રહેતી કેડીઓ જીવીસી સંઘની નિયાણી બહેનો તથા સહપરિવાર માટે દાંડિયા રાસનું આયોજન કરાયું છે. આ માટે સહુ પોતાની નિયાણીઓના નામ અને સંપર્ક નંબર એરિયા ગ્રુપમાં મોકલી આપવા જેથી વહેલી તકે નિયાણી બહેનોનો સંપર્ક દ્વારા કરી શકાય.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.**

સોમવાર બંધ


## કર્ણાટક ચેમ્બરના પ્રમુખ પદે પહેલીજ વાર કચ્છી



કચ્છ જખૌના મહેન્દ્રભાઇ લધ્ધડ કર્ણાટક ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (કેસીસીઆઇ)ના પ્રમુખ પદે ચૂંટાઇ આવ્યા છે. મહેન્દ્રભાઇ હુબલી ખાતે પોતાના પૈતૃક ઑઇલ ઇન્ડસ્ટ્રીઝના સંચાલક છે.

ચેમ્બરના ૯૧ વર્ષના ઈતિહાસમાં પહેલી જ બાર કોઇ કચ્છી ગુજરાતીની વરણી થઇ છે. આ પહેલા મહેન્દ્ર હરિદાસ લધ્ધડ ગ્રેટર હુબલી ધારવાડ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ૧૨ વર્ષ પર્યંત મહામંત્રી પદે તથા એન કે એસએસ આઇમાં મહામંત્રી અને ખજાનચી, કર્ણાટક ચેમ્બરના એક ટર્મ માટે જોઇન્ટ સેક્રેટરી અને બે ટર્મ માટે મહામંત્રી રહ્યા હતા. અખિલ ભારતીય કચ્છી માહેશ્વરી સમાજના ટ્રસ્ટી ઉપરાંત કર્ણાટક ગુજરાત સમાજ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી સહિત અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા છે.

## દલતુંગી ખાતે સમુહ છેડાછેડીનો અવસર ઉજવાયો

લાપસીયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૦૨ થી ૦૪ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન દલતુંગી મુકામે યોજાયેલ સમુહ છેડાછેડીના કાર્યક્રમ યોજાયો. આ આયોજનમાં કૂલ નવ યુગલો જોડાયેલ. જેમાં ભલારા દાદા પાઠ, રંગપુર મુકામે સુરાપુરા દાદાને વંદન તેમજ ગોયણી જમણવાર અને રાત્રે ડીજે સંગાથે દાંડિયા રાસ, શ્રી મોમાઇ માતાની સંધ્યા આરતી ઇત્યાદી દરેક કાર્યક્રમ ખૂબજ ઉત્સાહભેર સંપન્ન થયા.

હાલારના એખ નાનકડા ગામમાં પણ જાણે ધામધૂમ પૂર્વક નવે-નવ દંપત્તિઓ સંપૂર્ણ વિધિ વિધાન સહ પુનઃ લગ્ન સમારંભની રંગત માણી. લાપસીયા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઇ ડુંગરશી લાપસીયા તથા શ્રી નરેન્દ્રભાઇ પાસુભાઇ લાપસીયા વ્યવસ્થામાં સહયોગી બન્યા.

## તા. ૨૩ થી સાંધાણ તીર્થે પંચાહ્નિકા મહોત્સવ

તીરથાધિપતિ શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૬મી ધ્વજારોહણ અવસરે તથા જિર્ણોધ્ધાર સહ નૂતન ટૂંક નિર્માણ એવમ પુનઃપ્રતિષ્ઠાના પાવન પ્રસંગે તા. ૨૪-૧૧ થી ૨૮-૧૧ સુધી પંચાહ્નિકા મહોત્સવ તપચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. દેવ શ્રીમદ ૧૦૦૮ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્યરત્ન પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભપાવન નિશ્રામાં ઉજવાશે.

તા. ૨૩-૧૧ બપોરે ૧૨.૩૯ કલાકે 'લક્ષ્મીવેલ' નૂતન અતિથિગૃહનું ઉદ્‌ઘાટન તથા લોકાર્પણ થશે. સ્વ. વાલજી શામજી ધરમશીની સ્મૃતિમાં નૂતન અતિથિગૃહ 'લક્ષ્મીવેલ' બંધાવી આપનાર માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી ધરમશી સાંધાણ (મુલુંડ), અ.સૌ. ભારતીબેન કીર્તીભાઇ વેલજી ધરમશી પૌત્રી અ.સૌ. ચાર્મીબેન અંકુર ખોના (મોટી ખાવડી) અતિથિગૃહ મહાજન શ્રીને અર્પણ કરશે. અતિથિગૃહના રૂમોનો વિવિધ દાતાશ્રી પરિવારોએ પણ લાભ લીધો છે. જીર્ણોધ્ધાર, ટુંકો, આધાર સ્તંભો, પૂજનો, ભોજન, આમંત્રણ પત્રિકા તથા અન્ય લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધેલ છે.

તા. ૨૪-૧૧ કુંભ સ્થાપના, અખંડ દિપક સ્થાપના, જ્વારારોપણ, બપોરે શ્રી શાંતિનાથ પ્રભુજીનું પૂજન, તા. ૨૫-૧૧ સવારે ૭.૪૫ કલાકે અચલગચ્છાધિપતિ શ્રી તથા શ્રમણ-શ્રમણીવૃંદનો ભવ્યાતિભવ્ય નગર પ્રવેશ, નવગૃહ પાટલા પૂજન, દશ દિક્‌પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન, બપોરે લઘુ નંદાવ્રત મહાપૂજન, બપોરે પૂજ્યશ્રીઓનાં પ્રવચનો.

તા. ૨૬-૧૧ શ્રી ભક્તામર મહાપૂજન, સાંજે કુમારપાળ મહારાજાની આરતી, તા. ૨૭-૧૧ સવારે ૮ કલાકે પ્રભુજીનો ભવ્યાતિભવ્ય વરઘોડો, મુમુક્ષુઓનો વર્ષીદાનનો વરઘોડો, બપોરે અઢાર અભિષેક તા. ૨૮ સવારે પ્રતિષ્ઠા બપોરે શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજન, તા. ૨૯ સવારે દ્વાર ઉદ્‌ઘાટન વિગેરે કાર્યક્રમો યોજાયા છે. વિધિવિધાન નરેન્દ્રભાઇ નંદુ, કચવન્ન, જય-મેઘ કરાવશે. સંગીતની રમઝટ શ્રી કૃષ્ણાંત સામાણી એન્ડ પાર્ટી. શ્રી હસ્તીનાપુર વિધિ મંડપ, શ્રી ભરતચક્રવર્તી ભોજનખંડનો લાભ દાતાશ્રીઓએ લીધેલ છે.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાશે.



**ધ્વની મનીષ નાગડા**
તેરા
**Bachelor of Physiotherapy (BPT)**
**65%**

## -: લગ્ન સંબંધી :-

મુંબઇ સ્થિત ૧૯૮૨ જનમ, નિર્દોષ છૂટા છેડા થયેલ, મલ્ટી નેશનલ કાં. માં ઉચ્ચ અધિકારી પોસ્ટ ઉપરે જોબ ધરાવનાર યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય છે.
**સંપર્ક : 099203 90386**

## સમસ્ત જૈન સમાજ સમુહ લગ્નોત્સવ-૨૦૧૯



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં સમસ્ત જૈન સમાજનો સમુહ લગ્નોત્સવ-૨૦૧૯ યોજાનાર છે. જે અંગે ચર્ચા વિચારણા કરવા વર-કન્યા પક્ષના વડીલોની એક બેઠક એકમ-ભવન ભુજ મધ્યે ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા, મંત્રી કિરણ દંડના માર્ગદર્શન હેઠળ યોજાઇ. જેમાં ગ્રુપના પ્રબોધ મુનવર, અરવિંદ લોડાયા, જયાબેન મુનવર, ગુણવંતીબેન મોતા, રેખાબેન લોડાયા ઉપસ્થિતિ હતા. વર-કન્યા પક્ષના વડીલોને ખોટા ખર્ચથી બચવા સમજ પૂરી પાડવામાં આવી હતી. વર-કન્યાપક્ષોને લગ્ન પત્રિકાઓ અર્પણ કરાઇ હતી. આગામી સમૂહ લગ્નોત્સવ તા. ૧૪ અને ૧૫ ડિસેમ્બર લીલાશા કુટિયા આદિપુર મધ્યે યોજાશે.

## ''વારાપધ્ધર'' ગામમાં ''લાલકા પરિવારની સમુહ પહેડી''

વારાપધ્ધર ગામમાં બિરાજમાન ''લાલકા'' પરિવારના કુળદેવી **શ્રી ચામુંડા માતાજીની ૧૦મી પહેડી** સાથે ગંધી **બદલવાનું કાર્યક્રમ** કારતક સુદ **પૂનમ તા. ૧૨-૧૧-૨૦૧૯ મંગળવાર**ના સારી રીતે પૂર્ણ થયેલ. ચડતા પહોરે ''**વારાપીર**''ને ચાદર ચડાવી માતાજીના સ્થાનમાં હવન સાથે પહેડી તેમજ ગંધી બદલાવેલ.

બહાર ગામથી સારી સંખ્યામાં ભાવિકો સાથે નિયાણી બહેનો પધારેલ.

સાંધવગામથી ''**ગોંવિદજી લાલજી પટેલ**'' પધારેલ. ''**વાછરાદાદા**''ના આશીર્વાદનો લાભ ભાવિકોને મળેલ. નવકારશી તેમજ પહેડીનો લાભ ''**માતુશ્રી મણીબાઇ કુંવરજી લાલકા**'' તથા ''**માતુશ્રી માનબાઇ માણેકજી લાલકા**'' બાંડીયાવાલા પરિવારે લીધેલ. કાર્યક્રમની વ્યવસ્થા કુસુમકાંત, કાંતિલાલ, તિલક, લવકુમાર, મીત, અમીત લાલકા સાથે નીરંજન લોડાયા સંભાળેલ.

વારાપધ્ધર મહાજનના પદાધિકારી સાથે ગામનાં જ્ઞાતિજનોનો સાથ સહકાર મળેલ. એમનો આભાર ૨૦૨૦ માટે પહેડીના દાતાનું નામ આવેલ છે. હજી કોઇની પહેડી કરાવવાની ભાવના હોય તો જણાવશો.

**ભુઇમા ગુણવંતીબાઇ કાનજી લાલકા ના જય માતાજી**

## શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહ, શિક્ષણ પ્રસારક ટ્રસ્ટ તથા વિદ્યાર્થી સંઘના સંયુક્ત ઉપક્રમે સિવિલ સર્વીસ પરીક્ષા માટે માર્ગદર્શન શીબીર તા. ૧૭-૧૧-૨૦૧૯ (કલર ફોટો પાના નં. ૨૮ ઉપર)

વીએલવીજી ઘાટકોપર ખાતે કે.ડી.ઓ. યુવાનો માટે સીવીલ સર્વીસમાં જોડાવા માટેના પડકારને સ્વીકારી, સફળતા મેળવી દેશની સેવામાં યોગદાન આપવા માટે માર્ગદર્શન આપવાનો સેમીનાર તા. ૧૭-૧૧-૨૦૧૯ના શ્રી અમર ભરત શાહ (ખોના) સાંધવ (વડાલા) તથા મુંબઇના નગરસેવિકા શ્રીમતી નેહલ અમર શાહના પ્રયાસોથી આયોજીત કરવામાં આવ્યો હતો.

૧૫૦ થી વધુ યુવક-યુવતીઓ તથા વાલીઓ સહભાગી બન્યા હતા.

વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી શ્રી મુધકરભાઇ ખોનાએ સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી પ્રિયેશ કિશોર ભેદા - વારાપધર (વડાલા) (IRS જોઇન્ટ કમિશનર ઓફ જીએસટી)એ આપણી જ્ઞાતિના યુવાનોએ સીવીલ સર્વીસની પરીક્ષાઓ આપવાની જરૂરત અંગે પ્રકાશ પાડ્યો હતો. તેમણે IAS, IRS અને IPS ની પદવીઓ તથા તે માટેની પરીક્ષાઓની વિગતવાર માહિતી આપી હતી. શ્રી રોહિત ઘોડકે (IRS - આસી. કમિશનર ઑફ ઇન્કમટેક્ષ-મુંબઇ)એ પોતાની આ પદ સુધી પહોંચવાની સફર વિશે રસપ્રદ રજુઆત કરી હતી. શ્રી ચિન્મય આનંદ જૈન (IRS - ડેપ્યુટી કમિશનર ઑફ ઇન્કમટેક્ષ-મુંબઇ)એ ઉજ્જ્વળ કારકિર્દીનું ઘડતર કરવા સીવીલ સર્વીસની પરીક્ષાઓ આપવા યુવાનોને અનુરોધ કર્યો હતો. શ્રી રોહિત ઘોડકે તથા શ્રી ચિન્મય જૈન બન્નેએ આઇ.આઇ.ટી.માંથી એન્જિનીયર થયા પછી આ સીવીલ સર્વીસ ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું.

શ્રી દિલીપકુમાર કુસુમકાંત નાગડા, નલિયા ((IRS - જોઇન્ટ. કમિશનર ઑફ ઇન્કમટેક્ષ-મુંબઇ)એ પોતાની શૈક્ષણિક યાત્રા વિશે તથા સીવીલ સર્વિસની પરીક્ષાઓ માટેના આવશ્યક જ્ઞાન અંગે માહિતી આપી હતી. આ પરીક્ષાઓમાં પાસ થનારા મોટા ભાગના વિદ્યાર્થીઓ ઉંચી ફી લેતી શાળાઓમાંતી નથી આવતા એમ જાણા તેમણે ઉમેર્યું હતું કે ભારતભરના ગ્રામીણ વિસ્તારમાં અનેક શાખાઓ ધરાવતી નવોદય સ્કુલના અનેક વિદ્યાર્થીઓ IAS- IRS ઓફિસર્સ બન્યા છે.

નગરસેવિકા શ્રીમતી નેહલબેન અમર શાહે પોતાના ઉદ્‌બોધનમાં જાણવ્યું કે કે.ડી.ઓ. યુવાનોએ પરંપરાગત ધંધા-વ્યવસાયમાંથી બહાર આવી. પબ્લીક સર્વીસ પદવીઓ માટે આગળ આવવું જરૂરી છે.

વિદ્યાર્થીઓ - વાલીઓએ મહેમાનો સાથે પ્રશ્નોતરીમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓ શ્રી હંસ બી. ખીમજી, શ્રી કિરીટ લાપસીયા, શ્રી મધુકાંત ખોના, શ્રી હિરાચંદ દંડ, શ્રીમતી દમયંતીબેન શાહ અને શ્રીમતી હેમાબેન છેડા આ પ્રસંગે ઉપસ્થિત હતા. વિદ્યાર્થી સંઘના મિત મૈશેરી, શ્રુતિ લોડાયા, લબ્ધી લોડાયા, ચિરાગ લોડાયા, પ્રિન્સ ધરમશી, ઉજ્જવલ લોડાયા, સ્મીત લોડાયા આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમારોહનું સંચાલન ભૂમિત લોડાયાઓ કર્યું હતું. વિદ્યાર્થી સંઘના પ્રમુખશ્રી ઉર્મિલ લોડાયાએ આભારવિધી કરી હતો.

---

## Maharshi Dayanand Foundation IAS Academy-Library, Dadar, Mumbai

SSC, HSC, Undergraduate and Graduate Students and parents have lots of confusion regarding selecting the proper and suitable Educational Streams.

I am writing weekly “Career Guidance” Article Column in Gujarati Newspaper Janmabhoomi on every Monday, page no 5.

Our Maharshi Dayanand Foundation IAS Academy Library has organised Free IQ, APTITUDE Test and Career Guidance Seminar for SSC, HSC and College going Students.

You are requested to forward this information in your Groups, so that many needy students and parents can take benefits of it Maharshi Dayanand Foundation IAS Academy has very big Library of 3 Lakhs Books on all subjects for preparation and coaching of Medical Engineering Management CA and IAS IPS IRS IRS Customs Income Tax CBI GST Do visit library as and when in Dadar

**- Vraj Patel - 9867222210 / 8779679770**

### વિશેષ નોંધ

પ્ર.સં. અંક ૭ તા. ૫-૧૧-૨૦૧૯માં પાના નં. ૨૧-૨૨ ઉપર પ્રકાશિત મેટર શ્રી અનંત ડાયનામિક ગ્રુપ દ્વારા આપવામાં આવેલ જાહેરાત છે. જેની નોંધ લેવા વિનંતી.

**- તંત્રી મંડળ**

## મક્કડની મુસીબત

આજે જ્યારે નવી પેઢીને મક્કડ (તીડ) શુ છે એની પણ જાણ નહોતી ત્યાં અચાનક લખપતમાં મક્કડ-તીડના ટોળા ઉતરી આવ્યા હતા. મક્કડ કે તીડ ત્યાંથી પસાર થાય ત્યાં લીલોતરીને સફાચટ કરી જાય. ઘાસનું તણખલું પણ ન બચે. આ મુસીબત પાકિસ્તાનના રસ્તે ઉતરી આવી હતી.

સરકારના પ્રયાસોથી તીડના ઉપદ્રવમાંથી છૂટકારો મળ્યો હતો પણ આ આફત હજી સંપૂર્ણપણે દૂર થઈ નથી. આજે પણ કેટલાંક ગામ આ સમસ્યામાં સપડાયેલા છે. એક ખેડૂતભાઈએ મક્કડ પર ઝેરી દવા છાંટવાની ના પાડી દીધી હતી. કારણ પાક ભલે જાય. હિંસા ન થવી જોઈએ.

## પ્રવાસન

રણોત્સવના પ્રારંભની જાહેરાત સાથે કચ્છમાં પ્રવાસીઓનો ઘસારો શરૂ થયો છે પણ માવઠા, ક્યાર અને સંભવિત વાવાઝોડાના કારણે થયેલા વરસાદે ખેતીમાં ફાચર નાખી દીધી છે. રણ વિસ્તારમાં વરસાદી પાણી ભરાયેલું હોવાથી રણોત્સવમાં વિલંબ થવાની શક્યતા મજબૂત છે.

## વતનની વિશેષતા

આપણું વતન કચ્છ કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે. આમ માત્ર જિલ્લો હોવા છતાં એક ઉપખંડની ખાસિયતો ધરાવે છે. ૧) કચ્છનું રણ જેણે ઘણા લોકો ડેઝર્ટ ગણે છે તે ભૂલ છે. કચ્છનું રણ એ રાજસ્થાનના થરના રણ જેવો રેતનો દરિયો નથી પણ દરિયાનું તળ ઉપર આવતા ઉદ્‌ભવેલી જમીન છે. પરિણામે ટાપુ રહ્યું નથી પણ એની લાક્ષણિકતાઓ દેખાતી રહે છે. ૨) કચ્છમાં બારમાસી વહેતી નદીઓ નથી. જે છે એ મુખ્યત્વે ચોમાસુ નદીઓ છે અને મોટે ભાગે ૫૦-૬૦ કિ.મી.ની લંબાઈ ધરાવે છે.

ખારી અને મીઠી નામની બે નદીઓ ગોર્જ અને કોતરોના અદ્‌ભૂત નજારાના દર્શન કરાવે છે. કચ્છમાં પૂર્વ થી પશ્ચિમ સમાંતર ત્રણ ફેલાયેલી પર્વત શ્રૃંખલાઓ છે જો કે એ પર્વત કરતાં ટેકરીની શ્રેણીમાં ગણી શકાય. ઝારો, ધીણોધર અને કાળો ડુંગર આમાં ખૂબ જાણીતા ડુંગર છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## ગાંધીધામ સ્ટેશનમાં સુવિધાઓ

ગાંધીધામ હવે ધીમે ધીમે દેશના બધા મુખ્ય ભાગો સાથે જોડાઈ ગયું છે. દૈનિક ૧૯ ટ્રેનો દ્વારા આઠ થી દસ હજાર ઉતારુઓની આવનજાવન રહે છે. અહીં, વ્હીલચેર, બેટરી ઑપરેટેડ પ્લેટફોર્મ કાર, એસ્કેલેટર અને યોગ્ય વેઈટિંગ રૂમ ઉપલબ્ધ છે. હજી વધુ એસ્કેલેટર અને લિફ્ટ ટૂંકમાં ચાલુ થઈ જશે.

## જળ સમૃદ્ધિનો શત્રુ ગાંડોબાવડ

તળાવ, નદી, ડેમ, આવ-કેચમેંટ એરિયામાં આડેધડ ઊગી આવેલા ગાંડા બાવળના અવરોધના કારણે ૧૪૮ ટકા વરસાદ છતાં કચ્છના મધ્યમ સિંચાઈના ૮/૧૨, નાની સિંચાઈના ૧૭૦ માંથી ૧૧૦ ડેમ અધુરા રહ્યા છે જ્યારે મોટા ડેમોમાં પણ જળ સંગ્રહ નહીંવત/સાવ ઓછું છે એમ તાજેતરના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે.

## કોઠારામાં વન્યપ્રાણી સપ્તાહ

પર્યાવરણ જાગૃતિ ગ્રુપ દ્વારા નિવાસી શાળામાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ફોરેસ્ટર દામજીભાઈ ચૌહાણે વન્યપ્રાણીઓની ઉપયોગિતા અને પર્યાવરણ જાળવણી વિશે માહિતી આપવામાં આવી હતી.

## એલ્યુમિના પ્રોજેક્ટ

ભુજ તાલુકાના રેલડી ગામ નજીક મંજૂર કરવામાં આવેલો એલ્યુમિના પ્રોજેક્ટ અભરાઈએ ચડી ગયેલું જણાય છે. રૂા. ૧૫૦૦૦ કરોડના આ પ્રોજેક્ટ માટે ઈન્ડી-ગોલ્ડ કંપનીને ૩ લાખ ચોરસ મીટર જમીન સાવ મામુલી ભાવે ફાળવવામાં આવી હતી. ખાનગી ક્ષેત્રની આ કંપનીને ફાળવાયેલી જમીનમાં ઉદ્યોગનો પાયો જ નંખાયો ન હતો. પાછળથી કંપનીએ આ જમીન વેચવા મંજૂરી માગી હતી. એની સામે 'પિલ' દાખલ કરાઈ હતી. ૧૦ વરસ પછી પણ કામ શરૂ ન થતાં કાનૂની દાવપેંચમાં ફસાઈ ગયેલી કંપનીને રૂા. ૩.૫૦ કરોડ જમા કરાવવાનો સુપ્રીમ કોર્ટે હુકમ આપેલો. છેવટે આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ અભરાઈએ ચઢી ગયો હોય એમ જણાય છે.


**જય દાદા ટ્રાવેલ્સ, ભુજ-કચ્છ**

ઈન્ડીગો, સ્વીફ્ટ, તવેરા, તુફાન, ઈનોવા તથા દરેક જાતની એસી, નૉન એસી ગાડીઓ ભાડેથી મળશે.

**કચ્છ આવવાનું થાય ત્યારે અમારો અવશ્ય સંપર્ક કરો.**

સંપર્ક : બિપીન દંડ - 9909580806
રાહુલ શાહ - 9978790169, 7878090169

## પવનચક્કીથી પક્ષીઓની જાનહાની

અબડાસા તાલુકામાં પવનચક્કીઓ કાર્યરત હોવાથી અલભ્ય પક્ષીઓ હવે તાલુકામાં આવતા નથી. બે ઘોરાડ પક્ષી, મોર, તથા બીજા ૧૦ થી ૧૨ પક્ષીઓનો પવનચક્કીઓએ ભોગ લેતાં તાલુકામાં નારાજગીની લાગણી પ્રસરી ગઇ છે.

## વાયુસેનાનો એર શો

વાયુદળ / વાયુસેનાના સ્થાપના દિન નિમિત્તે બાર વર્ષ બાદ અબડાસામાં વાયુદળ દૂત 'સૂર્યકિરણ' દ્વારા એરોબિક શો યોજાયો હતો.

સૂર્યકિરણનું મુખ્ય મથક કર્ણાટકના બીડર ખાતે છે. આમાં વાઇન ગ્લાસ, ડાયમંડ આકારના વ્યૂહ દર્શાવાયા હતા. આને નિહાળવા માટે સંખ્યામાં વિદ્યાર્થીઓ નાગરિકો અને સરકારી અમલદારો હાજર રહ્યા હતા.

## કરકરા પર કરાનો કોપ

હજારો માઇલનું અંતર કાપી દર વર્ષે કચ્છ આવતા કરકરા (ડેમોસાઇલ ક્રેન) પર ઓચિંતા થયેલા કરાના વરસાદની માર પડતાં અસંખ્ય પક્ષીઓ જખમી થયા હતા. જેમને વાગડના બાનીયારીના ગામ લોકો, પશુ ચિકિત્સકો અને વન વિભાગના અધિકારીઓએ સારવાર આપી હતી. જોકે લગભગ ૬૦ જેટલા આ યાયાવરો મરણ પામ્યા હતા.

## લીઝ પર જમીન

આપણા વડીલોની વિરાસત એવી ખેતીની જમીનનો ઘણા ઓછા ઉપયોગ કરી શકે છે. કાંતો પડતર પડી રહે છે. કાં ભાગથી ખેડવા અપાય છે જેમાં જમીન હાથમાંથી નીકળી જવાની શક્યતા રહે છે. હવે કચ્છમાં લીઝ પર જમીન આપી શકાય કે લઇ શકાય એવી લીઝ/કૉન્ટ્રાક્ટ પધ્ધતિનો અમલ શરૂ થયો છે. વાર્ષિક ભાડે ૧૦ વર્ષ કે વધુની લીઝનું બંને પક્ષોને બંધનકર્તા કરાર કરી શકાય.

## કંડલા નાશિક ફ્લાઇટ

એર ઇંડિયાની પેટા કંપની એર એલાયંસની નાશિક–અમદાવાદ–નાશિક ફ્લાઇટ હવે કંડલા સુધી વિસ્તારવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ ફ્લાઇટ ૨૭ નવેમ્બરથી શરૂ થશે.

## કંથકોટ સૂર્યમંદિર

દસમી સદીમાં નિર્માણ પામેલું કંથકોટનું સૂર્ય મંદિર હાલ જીર્ણ શીર્ણ છે. અને કાળક્રમે એના અમુક ભાગ ખડી પડ્યા છે. રાજ્ય સરકાર તરફથી એ મંદિરનું જિર્ણોધ્ધાર હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અમૃતલાલ લધાભાઈ મોમાયા**<br>(PS 7294) ગામ - વરાડીયા | ૪, કૃષ્ણા ભુવન, ૭મો ક્રોસ રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧.<br>મો. : 077190 20033 |
| **મયુર દામજી લોડાયા**<br>(PS 1623) ગામ - નલિયા | લોડાયા એન્ડ કું., બીજે માળે, રૂમ નં. ૪એ, તેરાવાલા બિલ્ડીંગ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.<br>મો. : 093233 74330 |
| **પ્રફુલચંદ ચાંપશી નાગડા**<br>(PS 3074) ગામ - નલિયા | એ-૫, ૫૦૩/૫૦૪, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ડી-માર્ટ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧. મો.: 098212 27329 / 093212 27329 |
| **ભરત ધનજી હેફા**<br>(PS 3159) ગામ - સુથરી | એ૩-૧૦૫, ૧લે માળે, નીલકંઠ વેલી, ઢોકાલી નાકા, કોલશેટ રોડ, થાણા (વેસ્ટ) - ૪૦૦ ૬૦૭. મો. : 098331 72890 |
| **ચંદ્રકાંત ભવાનજી લાપસીયા**<br>(PS 1675) ગામ - રંગપુર | સી-૬૦૧, ઓમ સૃષ્ટી, દીન દયાલ ઉપાધ્યાય માર્ગ, ડંપીંગ રોડ, એલ એન્ડ ટી હોસ્ટેલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.<br>મો. : 098692 71236 |
| **પ્રફુલ લખમશી મોમાયા**<br>(PS 1276) ગામ - વરાડીયા | એ-૨૦૯, અનંતનાથજી કોમ્પ્લેક્સ, નહેરૂ નગર, કાંજુર માર્ગ, મુંબઈ (ઈસ્ટ) - ૪૦૦ ૦૪૨. મો.: 093201 51550 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૪-૧૯ | મુલુંડ | કિયારા, દિપા તુષાર બિપીન ધુલ્લા | તેરા | પુત્રી |
| ૧૬-૦૯-૧૯ | કારંજા | ચાર્વી, દર્શના હરીશ હિરાચંદ ગોશર | બારોઈ | પુત્રી |
| ૧૯-૧૦-૧૯ | મુલુંડ | કાયરા, હિતલ દર્શક કિરણ પ્રતાપ લોડાયા | સુથરી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૧૦-૧૯ | ડોમ્બીવલી | ચિરાગ પ્રદીપ ચાંપસી નાગડા | નલિયા | ૩૪ |
| | ડોમ્બીવલી | ખ્યાતિ રતિલાલ વેલજી લોડાયા | તેરા | ૩૩ |
| ૨૧-૧૦-૧૯ | હુબલી | રાહુલ પ્રફુલ મોમાયા | સાંયરા | ૩૧ |
| | હૈદરાબાદ | ચેતના (ચાંદની) શરદ લાલકા | બાંઢીયા | ૨૮ |
| ૧૨-૧૧-૧૯ | મુલુંડ | અંકિત દિપક લક્ષ્મીચંદ મૈશેરી | લાલા | ૨૭ |
| | અમદાવાદ | ભૂમિ જયેશ ઠાકરશી લોડાયા | પરજાઉ | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૧૯ | ડોમ્બીવલી | કુણાલ રમેશ લખમશી ધરમશી | નાની સિંધોડી | ૨૬ |
| | ડોમ્બીવલી | સાયલી સંતોષ શિવરામ સાવંત | ખેડ (રત્નાગિરી) | ૨૪ |
| ૦૭-૧૧-૧૯ | ઘાટકોપર | આકાશ ગિરીશ વાલજી ખોના | સાંધવ | ૩૨ |
| | દેવનાર | જ્યોતિકા શક્તિ કપૂર | મુંબઈ | ૩૨ |
| ૦૮-૧૧-૧૯ | ભાંડુપ | ભાવિન લહેરચંદ દામજી લોડાયા | બાંઢીયા | ૨૫ |
| | ડોમ્બીવલી | કીંજલ રાજેન્દ્ર નરેન્દ્ર કોઠારી | રીનછેડ | ૨૪ |
| ૦૮-૧૧-૧૯ | માટુંગા | રોહન નિખિલ રતિલાલ ખોના | નલિયા | ૨૭ |
| | ચિંચપોકલી | મીતા વિનોદકુમાર અમૃતલાલ કડી | વસાવદ | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૯-૧૯ | આકોટ | ભારતી શરદ મણીલાલ મૈશેરી | જખૌ | ૬૨ |
| ૦૫-૧૧-૧૯ | દહિસર | દમયંતી માણેકજી દામજી શીવજી નાગડા | રંગપુર | ૭૮ |
| ૦૯-૧૧-૧૯ | યુકે (U.K.) | ધીરજલાલ જેતસી દામજી ખોના | મોટી ખાવડી | ૭૭ |
| ૧૩-૧૧-૧૯ | અગાશી | મુલચંદ હંસરાજ મેઘજી મુનવર | જખૌ | ૬૮ |
| ૧૩-૧૧-૧૯ | ડોમ્બીવલી | ગોવિંદજી ગાંગજી કાનજી લાપસીયા | દલતુંગી | ૯૦ |
| ૧૫-૧૧-૧૯ | દિવા | ગુલાબચંદ અરજણ દેસર મોતા | વાંકુ | ૬૫ |
| ૧૬-૧૧-૧૯ | લાતુર | યશવંતી જવેરચંદ ગોવિંદજી નાગડા | નલિયા | ૭૨ |
| ૧૯-૧૧-૧૯ | અમદાવાદ | કિશોર મુલજી ભીંયશી લાલકા | લાલા | ૭૧ |
| ૧૯-૧૧-૧૯ | મસૂર | વાસંતી ખિરીશ ગોવિંદજી ધરમશી | છાદુરા | ૫૯ |

### ચર્ચાને ચોતરે વિભાગ અંગે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે ‘ચર્ચાના ચોતરે’ વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય. **– તંત્રી મંડળ**

# Shree Samast KDO Jain Mahajan

## ANUMODANA SANJIVANI PATRONS

**Donation for Sanjivani App:**
**Shri Parola KDO Jain Sangh**
**(Haste Shri Deepak D. S. Poladiya) 11 Lacs**

**Aadhar Stambh:**
**Shri. Narendrabhai Shamji Dand,**
**Tera, Mulund, Mumbai 5 Lacs**

### LIFETIME PATRONS (Mahajans / Corporates)

1) **Dakshin Bharat KDO Jain Ekkam,** Bangalore (5000/- Per Patient), 2) **Narshi Natha Medical Trust, Mumbai Mahajan,** Mumbai. (5000/- Per Patient), 3) **Shri KDO Jain Gnati Mahajan,** Hyderabad (3000/- Per Patient), 4) **Deluxe LOGISTICS Pvt Ltd, Shri. Kirti Dhanji Dharamshi,** Suthari, Bangalore (2000/- Per Patient)

### LIFETIME PATRONS (Individuals)

1) **Shri. Pankaj Lakhmichand Dharamshi,** Kothara, Bangalore (1000/- Per Patient), 2) **Shri Kumarbhai B. Dand,** Tera, Bhandup, Mumbai (1000/- Per Patient)

### DIAMOND PATRONS (2,00,000 /-)

1) **Smt Gunvanti Jayantilal Momaya,** Varadia, Bangalore

### PLATINUM PATRONS (1,00,000 /-)

1) **Shri KDO Jain Gnati Mahajan,** Banglore, 2) **Late Smt Hemlata Mulchand Nagda ( Haste Shri Bhavin T Nagda ),** Tera, Mumbai, 3) **Late Shri Mulchand Visanji Nagda ( Haste Shri Manikant Visanji Nagda),** Tera, Mumbai

### GOLD PATRONS (50,000 /-)

1) **Matushree Nalini Gulabchand Poladia (Shah),** Bayath, Thane, 2) **Shri Sunil Khetashi Khona,** Sujapur, Surat, 3) **Shri. Manish Pravin Momaya,** Varadia, Coimbatore, 4) **Adv. Smt. Minal Bharat Khona,** Suthari, Navi Mumbai, 5) **Matushree Gunwanti Laxmichand Luthia,** Raydhanjar, Kolkata, 6) **Shri Virendra Raghavji Lodaya (Haste Shri Chandresh V. Lodaya)** Bandhiya, Ahmedabad, 7) **Shri. Chimanlal Hirji Khona,** Naliya, Matunga, 8) **Shri. Ramesh Trikamji Soni,** Vanku, Wadala

### SILVER PATRONS (25,000 /-)

1) **Shri. Kamlesh Manekji Dand,** Tera, Ankleshwar, 2) **Smt Aruna & Shri. Girish Tokershi Dharmashi,** Jasapur, Mulund, Mumbai, 3) **Matushree Ratanben K Mota Shah (Haste Shri Rajendra K Mota),** Raydhanjar, Mulund, Mumbai, 4) **Matushree Ratanben K Mota Shah (Haste Shri Hirendra K Mota),** Raydhanjar, Vadodara, 5) **Shri. Dnyanesh Chimanlal Dagha,** Varadia, Pune, 6) **Smt. Shantilal Kalyanji Lodaya,** Tera, Vadodara, 7) **Smt. Pushpaben Pravinchandra Lodaya (Haste Shri Mitesh P Lodaya),** Naliya, Bangalore, 8) **Shri. Laxmichand Malshi Jivraj Nagda (Haste Shri Jayesh L M Nagda),** Rangpur, Bangalore, 9) **Shri Gulab H. Chheda ( Haste Shri Nikhil Chheda ),** Naliya, Bangalore, 10**) Smt. Veenaben Nagda,** Walkeshwar, Mumbai, 11**) Late Shri. Chandrakant Umarshi Mota (Haste Smt. Manjulaben C Mota ),** Rapar, Bangalore, 12**) Shri. Nishith Dand and Vadodara KDO & NON KDO Group,** Tera, Vadodara, 13**) Shri. Ravindra Harish Munwar,** Jakhau, Bangalore, 14) **Matushree Dhanlaxmi Mulji Lodaya (Haste Nita Mahendra Poladia),** Dumra, Dubai, 15) **Late Dr. Vasanti Khona ( Haste Shri Jeentan Shah ),** Naliya, Mulund, Mumbai, 16) **Smt. Vaishali Lalit Shah,** Varapadhar, Hyderabad, 17) **Shri. Litin Navinchandra Lodaya,** Nanikhavdi, Coimbatore, 18) **Shri Bhupendra D. Mota,** Tera, Malad, Mumbai, 19) **Shri Pankaj Pashvir Luthia,** Nani Khavdi, Sion, Mumbai, 20) **Dr. Usha Harish Lapsia,** Suthari, Ambernath, Mumbai, 21) **Matushree Bayabai Shamji Mota**, Sukhpur, Lonavala, 22) **Matushree Gunvantiben Khimji Maisheri,** Nani Sindhodi, Raipur

### PATRONS (1000/- Per Case, Commitment of 25000/-)

1) **Shri. Mahesh Khimji Lalka,** Varapadhar, Adipur, Kutch, 2) **Shri. Dhirendra Anandji Khona Charitable & Memorial Trust,** Sandhav, Kutch, 3) **Shri. Arvind Lalji Lodaya (Shah),** Varapadhar, Gandhidham, Kutch , 4) **Shri. Mitesh Madhukant Dharamshi,** Kothara, Gandhidham, Kutch , 5) **Shri. Harish Doongersey Shah (Churla),** Sandhan, Antarjal, Kutch, 6) **Shri. Bharat Mulji Meisheri,** Jakhau, Mulund, Mumbai, 7) **Smt. Javerben Kunverji ( Ramesh ) Mota,** Rapar, Mulund, Mumbai, 8) **Matushree Purbai Lakhamshi Lalka Che. Trust,** Kutch

**Shree Samast KDO Jain Mahajan**


**Website: www.kdosm.org • Email: Seva@kdosm.org • Help: +91 90990 41414**

*We also Thank All Individual Donors / Organisations who contributed for Sanjivani Cases...*

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


## શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહ, શિક્ષણ પ્રસારક ટ્રસ્ટ તથા વિદ્યાર્થી સંઘના સંયુક્ત ઉપક્રમે સિવિલ સર્વીસ પરીક્ષા માટે માર્ગદર્શન શીબીર તા. ૧૭-૧૧-૨૦૧૯ (અહેવાલ સમાચાર વિભાગમાં)




















## હાર્દિક અભિનંદન

કુ. તનીષ્કા નીલેશકુમાર દંડ - ઇએમઆઇ હૉલીડેઝ - નમ્મા - હુબલીને તા. ૧૪-૧૧-૨૦૧૯ના બેંગ્લુરૂ ખાતે એચ્યુવર્સ ઑફ કર્ણાટકા-૨૦૧૯ એવોર્ડથી જસ્ટીસ પી. વિશ્વનાથ શેટ્ટી (લોકાયુક્ત - કર્ણાટકા) તથા શ્રી ડૉ. અશ્વથનારાયણ સી.એન. (ઉપ મુખ્યમંત્રી - કર્ણાટક)ના વરસ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.




If undelivered, please return to :

**C.D.O. PRAKASH SAMIKSHA**

**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.